

# આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ મહા

ભલે ગમે તેવી આપદાઓ આવી પડી હોય, ધનનો નાશ થઈ જતો હોય યા પોતાના સ્નેહીજનોનો વિરહ સહવાનો પ્રસંગ આવી પડે તેવું થવાનું હોય તો પણ જે ગુણને લીધે પુરૂષનું મન જરાપણ ચલિત ન થાય, ડોલાયમાન ન થાય, તે ગુણનું નામ ધૈર્ય. જેનામાં એવો ધૈર્યગુણ હોય તેજ પુરૂષ ધીર કહેવાય છે અને એવો ધીર પુરૂષ જ પોતે ઉપાડેલા ધર્મના ભારને નિભાવી શકે છે, અને બીજો ધીરજ વિનાનો કાયર માનવ જરાક જેટલું કષ્ટ આવી પડતાં જ પોતે સ્વીકારેલા એ ધર્મભારને પણ ઘડીકમાં જ ફેંકી દે છે. જ્યાં સુધી સંસાર છે વા જન્મ છે ત્યાંસુધી દેહ હોવાનો જ. જ્યાંસુધી દેહ છે ત્યાંસુધી આપદાઓ પણ આવવાની જ માટે ગમે તેવી આપદાઓ આવી પડે તોપણ ધીરપુરૂષો સમુદ્રની પેઠે પોતાની મર્યાદાને છોડતા નથી.

—શ્રી કથારત્નકોશ ભાગ ૨ જો.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૨ ] ફેબ્રુઆરી : ૧૯૭૫ [ અંક : ૪

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | કાવ્ય અષ્ટપદી | ... | સ્વ. ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી | ૪૯ |
| ૨ | ધન્ય સાધ્વીજી | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૫૦ |
| ૩ | આચાર્ય હરિભદ્રસૂરિનો દાર્શનિક દૃષ્ટિકોણ | ... | મૂળ લે. કુ. સુશીલા જૈન<br>અનુવાદ : કા. જ. દોશી | ૫૩ |
| ૪ | મંછાભૂત અને શંકા ડાકણ | ... | ધનસુખલાલ મહેતા | ૫૬ |
| ૫ | ધર્મનું સાચું સ્થાન આપણું હૃદય છે. | ... | પૂ. કેદારનાથજી | ૫૯ |
| ૬ | એબ્રાહમ લિંકનના કેટલાક જીવન પ્રસંગો | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૬૨ |
| ૭ | જૈન સમાચાર | ... | — | ૬૪ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન

શ્રી અ. સૌ. અજવાળીબેન બેચરદાસ પંડીત–અમદાવાદ.

શ્રી પ્રભુદાસ રામજીભાઈ મહેતા—જામકંડોરણા.

## સ્વર્ગવાસ નોંધ

આપણી સભાના સ્વર્ગસ્થ પ્રમુખ શ્રી ગુલાબચંદભાઈ આણંદજીના ધર્મપત્ની અને આપણી સભાના પેટ્રન શ્રી. મનુભાઈ ગુલાબચંદ કાપડીયાના માતુશ્રી રંભાબેનના સંવત ૨૦૩૧ના પોષ શુદ ૨ મંગળવાર તા. ૧૪–૧–૭૫ના રોજ ભાવનગર મુકામે થયેલ સ્વર્ગવાસ પ્રત્યે આ સભા ઉંડી દિલગીરી વ્યક્ત કરે છે. તેઓ ધર્મપ્રેમી અને મળતાવડા સ્વભાવના હતા. અને સભા પ્રત્યે ખૂબ સારી લાગણી ધરાવતા હતા. તેમજ આ સભાના આજીવન સભ્ય હતા. શાસનદેવ તેમના આત્માને પરમ શાંતિ આપો તેમ ઇચ્છીએ છીએ.

( અનુસંધાન ટાઈટલ ત્રીજાનું ચાલુ )

પૂ. આચાર્ય મહારાજશ્રીએ ચોમાસા દરમિયાન અનેક ધાર્મિક કાર્યો, તપસ્યા, અઠ્ઠમતપની હારમાળા વર્ધમાન તપનું થડુ બાંધવા વાળાની મોટી સંખ્યા, શંખેશ્વર મહાતીર્થની યાત્રાની પ્રેરણા, જ્ઞાન ભંડારનું સંશોધન, જૂની પ્રતો-ચિત્રો–તાડપત્રોનો ઐતિહાસિક સંશોધનપૂર્વકનું પ્રદર્શન, વગેરે અનેક કાર્યોથી આપણા સમાજ ઉપર ઉપકાર કર્યો છે. આ ઉપરાંત ભ. મહાવીર સ્વામીનો ૨૫૦૦ મો નિર્વાણ મહોત્સવ વિશિષ્ટ રીતે ઉજવી નવી દૃષ્ટિ આપી છે."

આ ઉપરાંત અન્ય વક્તાઓએ પ્રવચન કરી ઉત્સાહમય ધાર્મિક કાર્યોની અનુમોદના કરી હતી. અંતમાં શ્રી મનુભાઈ શેઠ આભાર દર્શન કર્યું હતુ.

આ રીતે આખોએ 'અંજન શલાકા મહોત્સવ'નો સમગ્ર કાર્યક્રમ જનસમુદાયની મોટી હાજરી અને શિસ્ત તેમજ સુવ્યવસ્થા, સ્વયંસેવકોની ભાવપૂર્ણ સેવા, સંગીત અને ભાવના અને ભક્તિમય વાતાવરણથી દીપી ઉઠયો હતો. જય મહાવીર.

આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. વીરચંદ મીઠાભાઈ મહેતા

## જીવનની ટૂંકી રૂપરેખા



'ભાવી જીવનરૂપી કાપડમાં આપણે આપણા જ રંગ મૂકી શકીએ છીએ અને પ્રારબ્ધના પ્રદેશમાં આપણે વાવીએ તેવું લણીએ છીએ'ની પંક્તિઓ જેના જીવનમાં ચરિતાર્થ થયેલી જોવામાં આવે છે એવા શ્રી. વીરચંદ મીઠાભાઈ મહેતાનો જન્મ જામનગર નજીકના લાલપુર ગામે સ્વ. મીઠાભાઈ દેવચંદ મહેતાને ત્યાં સં. ૧૯૫૪ના માહ શુદિ ૬ શુક્રવાર તા. ૨૮-૧-૧૮૯૮ના દિવસે થયો હતો. શ્રી. વીરચંદભાઈએ પ્રાથમિક સાત ધોરણનો અને અંગ્રેજી બે ધોરણ સુધીનો અભ્યાસ લાલપુરમાં જ કર્યો. લાલપુરમાં તેમના દાદા શ્રી દેવચંદ ભાણજીનો અનાજનો વેપાર હતો. શ્રી. વીરચંદભાઈના લોહીમાં જ વેપારના સંસ્કારો હતા અને તેથી જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરી તેઓ વડીલોના ધંધામાં જોડાઈ ગયા. ભણતર ઓછું હોવા છતાં વેપારમાં તો ગણતરની જ મહત્ત્વતા છે. દીર્ઘદૃષ્ટિ અને વેપારી કુનેહ તો શ્રી. વીરચંદભાઈને ગળથૂથીમાં જ પ્રાપ્ત થયા હતા. એમની મહત્ત્વાકાંક્ષા મહાન હતી. અનાજના ધંધામાં સંતોષ પામી જવું એ તેમના સ્વભાવમાં ન હતું. ઈ. સ. ૧૯૧૩માં શ્રી. વીરચંદભાઈના પિતાશ્રી ધંધાર્થે આફ્રિકા ગયા હતા. માણસ સંપાદન કરી શકે તેના કરતાં તેનું લક્ષ્ય વધારે ઉંચું હોવું જોઈએ, એટલે માત્ર ૧૮ વર્ષની ઉંમરે શ્રી. વીરચંદભાઈ ધંધાર્થે આફ્રિકા ઉપડી ગયા.

નવો પ્રદેશ, નવા લોકો અને નવી ભાષા. એટલે શરૂઆતના વરસોમાં દુઃખ તો ભારે વેઠવું પડ્યું, પણ અમાસના અંધકાર પછી જ પ્રકાશના દિવસો શરૂ થતા હોય છે, એ વાત પિતા-પુત્ર સારી રીતે સમજતા હતા. એ વખતે સામાન્ય જગ્યાની વ્યવસ્થા કરી પિતા પુત્ર દિવસ દરમિયાન એક વખત હાથે ભોજન બનાવી લઈ નિભાવી લેતા. વિના પ્રયત્ને અને પરિશ્રમે જીવનમાં કોઈને સફળતા પ્રાપ્ત થઈ શકતી નથી. શ્રી. વીરચંદભાઈમાં તક તકાસવાની સાવધાનતા, તક પકડી લેવાની કુશળતા અને હિંમત તેમજ વધારેમાં વધારે ફળ મેળવવા જેટલા દરજ્જે તકનો ઉપયોગ કરવાનું બળ તો હતું જ. આ બધા ગુણો જેનામાં હોય તેને અંતે વિજય મળ્યા વિના નથી રહેતો, એ વસ્તુ શ્રી. વીરચંદભાઈના જીવન પરથી સિદ્ધ થાય છે.

ઈ. સ. ૧૯૧૭માં શ્રી. વીરચંદભાઈએ કંપાલામાં કાપડનો ધંધો શરૂ કર્યો. તેમાં ધીમે ધીમે આગળ વધી મોટો સ્ટોર કર્યો. ધંધાની સાથોસાથ આફ્રિકાની મોટી કંપની African Mercantile Co. Ltd.માં તેઓ મુખ્ય બ્રોકર તરીકે જોડાયા જે કારણે તેમને બહોળો અનુભવ

મળ્યો અને આફ્રિકાની મોટી મોટી પેઢીઓ સાથે પિછાન થઇ સામાન્ય રીતે ધન વધતાં ધર્મ બાજુએ રહી જાય છે, પણ શ્રી. વીરચંદભાઇ આ બાબતમાં અપવાદ રૂપ છે. ધર્મ પ્રથમ અને ધન પછી એ તેમના જીવનનો મુદ્રાલેખ છે. પોતે જાતે મહેનત લઈ અથાગ ભોગ આપી સ્થાનકવાસી જૈન ભાઈઓના સહકારથી કંપાલામાં એક ભવ્ય ઉપાશ્રય ઉભો કર્યો. એવી દીર્ઘદૃષ્ટિ પૂર્વક આ ઉપાશ્રય થયો છે કે જેની ભાડાની આવકમાંથી બધો ખર્ચ પણ આપો આપ નભી રહે.

શ્રી વીરચંદભાઇએ પોતાના જયેષ્ઠ પુત્ર શ્રી વ્રજલાલભાઇને ઇ. સ. ૧૯૪૬માં દેશમાંથી આફ્રિકા બોલાવી, એક વર્ષ સુધી African Marcantile Co. Ltdમાં તાલીમ આપી પોતાના ચાલુ ધંધામાં જોડી દીધાં. યુવાન અને કાબેલ શ્રી. વ્રજલાલભાઇએ ધંધાને ખૂબ વિકસાવ્યો ઈ. સ. ૧૯૫૪માં શ્રી. વ્રજલાલભાઇએ ધંધાના વિકાસ અર્થે જાપાન તેમજ અન્ય દેશોનો પ્રવાસ કર્યો હતો.

આફ્રિકાની ભાવી પરિસ્થિતિની ઝાંખી શ્રી. વીરચંદભાઈને ઈ. સ. ૧૯૬૦માં થઈ ગઈ તેઓ ભારત પાછા આવ્યા અને ઈ. સ. ૧૯૬૩માં મુંબઈમાં ધંધાની શરૂઆત કરી દીધી. શ્રી. વીરચંદભાઈને પાંચ પુત્રો છે, શ્રી. વ્રજલાલભાઇ, હરસુખભાઇ, વિનોદભાઈ, સુરેન્દ્રભાઈ તથા મહેન્દ્રભાઈ શ્રી. વિનોદભાઇ અને મહેન્દ્રભાઇ મુંબઈમાં Mehtatex અને Tread Board Agnciesની પેઢીઓ સંભાળે છે. બાકીના ત્રણ ભાઇઓ કંપાલામાં સ્થાયી થયા હતા. ત્યાં ભાગીદારીમાં બ્લેન્કેટ મેન્યુફેકચરીંગનો પ્લાન્ટ નાખેલ અને એશિયાવાસીઓએ આફ્રિકા છોડવું પડયું, તે પછી આ ત્રણે ભાઈઓ માન્ચેસ્ટર (ઇંગ્લાંડ)માં Kipfold Ltd.ના નામથી મોટા પાયા પર એકસપોર્ટ ઇમ્પોર્ટનું કામ કરે છે. આ ઉપરાંત માયસોર ચીપ બોર્ડ લી.માં પણ આ પેઢીઓ સારૂ હીત ધરાવે છે જેમાં શ્રી વ્રજલાલભાઈ (બદલીમાં શ્રી વિનોદભાઈ) ડીરેકટર છે.

શ્રી વીરચંદ મીઠાભાઈ ચેરીટી ટ્રસ્ટ તરફથી રૂ. ૧,૧૧,૧૧૧ આપીને જામનગરમાં વીરચંદ મીઠાભાઇ મ્યુનિસીપાલિટી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ શરૂ કરવામાં આવી છે. લાલપુરમાં આંબેલની ઓળી શ્રી. વીરચંદભાઈ તરફથી આવેલ રકમના વ્યાજમાંથી થાય છે. તેમજ પર્યુષણના સ્વામી વાત્સલ્ય માટે રૂ. ૬૦૦૦/ની રકમ આપેલ છે. જામનગર અને હાલાર વિશાશ્રીમાળી જૈન યુવક મંડળ તેમજ ગોકલદાસ ડોસાભાઇ જૈન વિદ્યોતેજક મંડળમાં કેળવણી અર્થે પાંચ પાંચ હજાર રૂપિયાની રકમનું દાન આપ્યું છે. સ્વસ્તિક જનતા સહકારી બેંક લી.ની સ્થાપનામાં શ્રી વીરચંદભાઈના પુત્ર શ્રી. વિનોદભાઇનો મોટો ફાળો છે અને આ બેંકના તેઓ ઉપપ્રમુખનો માનભર્યો હોદ્દો ધરાવે છે.

ઇ. સ. ૧૯૧૫માં શ્રી. વીરચંદભાઈના લગ્ન ધ્રાફા નિવાસી સ્વ. જુઠાલાલ જશરાજ મહેતાની સુપુત્રી નવલબેન સાથે થયા હતા. પાટણવાવના સુપ્રસિદ્ધ વસા દામોદર સોમજીએ નવલબેનનું મોસાળ શ્વસુર અને મોસાળ. કુટુંબની ખાનદાની, વિનમ્રતા અને સહિષ્ણુતાનો વારસો શ્રી નવલબેનને પૂરેપૂરો પ્રાપ્ત થયો છે. આતિથ્ય સતકારમાં તેમની જોડી મળવી મુશ્કેલ છે. શ્રી નવલબેનને પાંચ પુત્રો ઉપરાંત પાંચ પુત્રીઓ છે. શ્રી. લીલાવતીબેન, હેમકુવરબેન, જ્યાકુવરબેન, પ્રભાકુવરબેન અને મંજુલાબેન તેઓ સૌનાં લગ્ન થઇ ગયા છે. શ્રી નવલબેને, પુત્રવધૂઓએ તેમજ પુત્રીઓ અને ત્રણ પુત્રોએ અઠ્ઠાઇ તપ તેમજ નાની મોટી તપશ્ચર્યા કરી છે. શ્રી નવલબેને તો નવપદજીની ઘણી ઓળીયો પણ કરી છે. શ્રી વીરચંદભાઇ જેવા ઉદાર અને ધર્મનિષ્ઠ મહાનુભાવ આ સભાના પેટ્રન થયા તે માટે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમના હાથે લોક કલ્યાણના અનેક શુભ કાર્યો થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ મહા ∴ ઈ. સ. ૧૯૭૫ ફેબ્રુઆરી [ અંક : ૪


## કાવ્ય અષ્ટપદી

ધ્યાન સમાધિ તાંતણે, ચઢે યોગી આકાશ;
જ્યોતી ઝળહળમાં સમે, ભૂલે વિશ્વના તાપ. (૧)

ભૂલી જતો સ્થૂળ જગતને, ભૂલતો જગ સંતાપ;
નયન મીંચાણા જગ ભણી, ભિતર ભયો ઉજાસ. (૨)

લોઢું કાંચન સમ ગણે, શત્રુ મિત્ર સમ ભાવ;
સુખ દુઃખના ત્યાં શા ગજા, કોણ પૂછે તસ ભાવ. (૩)

ગાતાં પ્રભુના ગીતડાં, વહે અશ્રુની ધાર;
તે હૃદય ના ડંખતો, જાણે જગતાધાર. (૪)

ભક્તિ સાગર ઉછળ્યો, ડૂબ્યો ભક્ત તસ માંય;
જેમ જેમ ઊંડો ઉતરે, મળે મુક્તાફળ ત્યાંય. (૫)

કોણ હતો તું કયાં હતો? કયાં ઊભો છું આજ?
કયાં જાવા મન સુણડા, કોણ હશે તુજ સાથ? (૬)

હું ભૂલો મારું ભૂલો, પછી દેહ માટીના ભૂલો;
તબ ભાન ભિતરનું થશે, ને અજબ શાન્તિ વ્યાપશે. (૭)

નિજ તેજનાં દર્શન થતાં, કંઈ નાદ અદ્ભૂત જાગતો;
રગ રગ અને રોમાંચમાં, અદ્ભૂત ઓજસ વ્યાપતો. (૮)

**સ્વ. ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી**

# ધન્ય સાધ્વીજી !

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

ગૌતમ એની વિધવા માતા યશસ્વિનીનો એકનો એક પુત્ર હતો. ચોવીસ વર્ષની વયે એ જ્યારે વિધવા થઈ ત્યારે ગૌતમ માત્ર ત્રણ વરસનો હતો. પતિની અંતિમ પળના શબ્દો તેને એવાને એવા યાદ હતા. પતિએ કહેલું : ગૌતમ આપણા પ્રેમના પ્રતીક રૂપ છે. માનવ માત્ર મૃત્યુને પાત્ર હોવા છતાં પ્રેમનું કદાપિ મૃત્યુ થઈ શકતું નથી, કારણ કે પ્રેમ મૃત્યુ કરતાં મહાન છે. પ્રેમ જેમ અમર્ત્ય છે, તેમ તારો અને મારો આત્મા પણ અમર્ત્ય છે. આત્માને મૃત્યુ નથી હોતું. મારા દેહના નાશ પછી પણ મારો અને તારો આત્મા અવિભક્ત રહી શકે-પ્રત્યક્ષ નહિં તો પરોક્ષ રીતે. આ રીતે મૃત માનવીના આત્મા પાસેથી, તેનું પ્રેમપાત્ર માર્ગદર્શન અને દોરવણી પણ પ્રાપ્ત કરી શકે. આ શકય બને જો જીવન્ત પ્રેમપાત્ર પવિત્રતા, વિશુદ્ધતા અને પ્રેમની અખંડ જ્યોત પ્રદીપ્ત રાખી શકે તો."

પતિના મૃત્યુ બાદ, પોતાના લગ્ન પ્રસંગે પતિ સાથે પડાવેલ ફોટામાંથી, પતિના ફોટાને એન્લાર્જ કરાવી સુશોભિત ફ્રેમમાં મઢાવી પોતાના શયનગૃહમાં રાખેલ હતો. જીવનમાં ઊભી થતી મૂંઝવણના પ્રસંગે, પતિના આત્મા સાથે વાર્તાલાપ કરી માર્ગદર્શન મેળવતી અને તેની મૂંઝવણ ટળી જતી. આ રીતે આ વિધવા નારી તેના સ્વર્ગસ્થ પતિનું સાંનિધ્ય જાળવી રાખી, આત્મ દૃષ્ટિએ પોતાની જાતને સૌભાગ્યવતી માનતી. સગાવહાલા અને સંબંધીઓ, પતિ વિહોણા જીવનમાં પણ યશસ્વિનીના આત્મસંતોષ અને અપાર શાંતિ જોઇ વિમાસણમાં પડી જતા. જ્યારે જુઓ ત્યારે ચિત્તની પ્રસન્નતા દેખાઇ આવે અને દુઃખ કે સંતાપનું કોઇ નામ નિશાન પણ ન મળે.

આર્થિક સ્થિતિ નબળી નહોતી તેમ એવી સદ્ધર પણ નહોતી. એમ છતાં પોતાનું મકાન ગીરવી મૂકી, જરૂરી પૈસા ભેગા કરી યશસ્વિનીએ એન્જિનિયરીંગના આગળ અભ્યાસ અર્થે ગૌતમને અમેરિકા મોકલ્યો હતો. આસપાસનો સ્ત્રી વર્ગ અંદરો અંદર ટીકા કરતો કે, એકના એક પુત્રને અમેરિકા મોકલતાં આ વિધવાનો જીવ કેમ ચાલ્યો હશે ? અને અમેરિકા રહી આવી આ પુત્ર અને પુત્રવધૂ તેની સેવા પણ કેવી કરશે ? ગૌતમને અભ્યાસ અર્થે અમેરિકા મોકલતાં પહેલાં યશસ્વિનીએ પતિના આત્મા પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. પતિના આત્માએ માર્મિક રીતે હસીને કહેલું : 'યશુ ! જેવું વૃક્ષ એવું એનું ફળ હોય છે. આપણો ગૌતમ આપણા સ્વભાવ અને પ્રકૃતિનું પ્રતિબિંબ છે. અમેરિકા જશે એટલે તારી સેવા નહિ કરે કે તારું ધ્યાન નહિ રાખે એવો ભય અસ્થાને છે. પણ એવી પરિસ્થિતિ કદાચ ઉત્પન્ન થાય તોએ શું ? દુઃખ-આઘાત-વેદના એ તો આત્માની ઉર્ધ્વગતિ માટે આવશ્યક જ છે. સુખ, સમૃદ્ધિ અને વૈભવનો માર્ગ ત્યજી શા માટે લોકો ત્યાગ-તપ-સંયમના માર્ગે જાય છે ? સંસારમાં અનુભવવા પડતાં દુઃખ, આઘાત કે વેદના એ કાંઈ એકાન્તે આપણા દુષ્કૃત્યોનું ફળ નથી. એ આવતા હોય છે તો એ માટે, કે એના દ્વારા આપણે વધુ સુંદર, વધુ સહિષ્ણુ, વધુ સમજુ અને વધુ પવિત્ર બનીએ. આપણા વેશવાળ અને લગ્ન વચ્ચેના સમય દરમિયાન ફરવા જતાં, આપણે પેલા વૃક્ષની ઘટા નીચે બેસી પેલા કવિનું કાવ્ય બોલતાં એ તું શું ભૂલી ગઇ ? લે, તને યાદ કરાવું :

'જગતમાં જીવન જે મધુરમાં મધુર છે,
તે અધિક દુઃખમાં રહે દળાતું;
મિષ્ટમાં મિષ્ટ ફળ વૃક્ષ પર હોય તે,
કીટ ને પક્ષીનો ભક્ષ થાતું !

યશસ્વિનીએ આ રીતે માર્ગદર્શન મેળવ્યાં પછી જ ગૌતમને અમેરિકા મોકલાવ્યો હતો.

પતિના મૃત્યુ બાદ યશસ્વિની ઇચ્છા તો ગૌતમને મોસાળમાં મોકલી તુરત દીક્ષા લેવાની હતી. પણ એ વખતે પતિના આત્માએ તેને ચેતવતા કહેલું : "માનવનો સાચો ધર્મ તો તેને પ્રાપ્ત થયેલું કર્તવ્ય કરવાનો છે. હું સદેહે નથી એટલે ગૌતમનું ધ્યાન રાખવું, તેને મોટો કરવો, કેળવણી આપવી આ બધું તારું કર્તવ્ય છે. કર્તવ્ય એ જ ધર્મ છે. આપણા કર્તવ્યનો બોજો અન્ય પર નાખી, મોક્ષની પાછળ દોડવાથી મોક્ષ નજીક આવવાને બદલે દૂર જાય છે. ગૌતમ પૃથ્વી પર એમને એમ નથી ટપકી પડયો, આપણા બંનેનાં આમંત્રણથી તે આવ્યો છે. માણસ સમજે કે આ મારું કર્તવ્ય છે, છતાં તે કરવામાં પ્રવૃત્ત થવાને બદલે બીજી દિશામાં પ્રવૃત્ત થાય તો એવી પ્રવૃત્તિ એક પ્રકારનો પ્રમાદ છે ઉલટો માર્ગ છે. દીક્ષા ધર્મ સર્વ શ્રેષ્ઠ ધર્મ છે એમાં કોઈ શંકા નથી, પણ સમયનો પરિપાક થયે, યોગ્ય સમયે એ માર્ગે જવાય તો જ એમાં માનવ જીવનની શોભા છે. ગૌતમનો ગૃહસ્થાશ્રમ શરૂ થાય, એ વખતે દીક્ષા માટે આ આત્મા તને આનંદ પૂર્વક રજા આપશે."

ત્રણેક વર્ષ પછી ગૌતમ અમેરિકાથી એન્જિનિયરીંગની ઉચ્ચ ડીગ્રી લઇ પાછો ફર્યો અને મુંબઇની એક અમેરિકન કંપનીમાં મોટા પગારે દાખલ થઈ ગયો. લગ્ન માટે અનેક કન્યાઓની વાત આવી હતી, પણ સુશીલ માતાએ કન્યા પસંદગીનું કાર્ય પુત્ર પર જ છોડયું હતું. ગૌતમની ઇચ્છા તેની ઓફિસમાં કામ કરતી એક ઇતર જ્ઞાતિની કન્યા સાથે લગ્ન કરવાની હતી. પણ માતાની સંમતિ હોય તો. તહેમીનાને એક દિવસે ઘેરે લઇ આવી માતાની સાથે પરિચય કરાવ્યો અને પોતાની ઇચ્છા પણ પ્રગટ કરી. માતાએ કહ્યું : 'હું તો હવે આ ઘરની થોડા દિવસ માટે મહેમાન છું એટલે આ બાબતમાં તારી ઇચ્છા એ જ મારી ઇચ્છા.' થોડા દિવસ બાદ ગૌતમ અને તહેમીનાના લગ્ન થઈ ગયા.

ગૌતમ ભારે માતૃ ભક્ત હતો. નાની મોટી દરેક બાબત માતાની ઇચ્છાનુસાર ઘરમાં થવી જોઇએ, એવો ગૌતમનો આગ્રહ રહેતો. યશસ્વિની ભારે સમજુ હતી. દીક્ષા માટે જે સમયની તેને આતુરતા પૂર્વક રાહ જોઇ રહી હતી, તે સમય નજીક આવ્યો. દીક્ષા માટે તેની તૈયારી તો કયારથી શરૂ થઇ ચૂકી હતી. હંમેશાં આંબેલ, ઉપવાસ કે એવું કાંઇને કાંઈ તપ તો હોય જ. પતિના મૃત્યુના દિવસથી જ પથારીનો ત્યાગ કરી સંથારિયા પર સૂઈ રહેતી. સાધ્વીજીઓ સાથે સમાગમ વધાર્યો. દશ વૈકાલિક સૂત્ર કંઠસ્થ કરી લીધું. દાંપત્ય જીવન અને રંડાપાને તેણે જેમ ઉજાળ્યું, તેમ ત્યાગ, તપ, સંયમ ધર્મને પણ તે દીપાવવા માગતી હતી પચાસની આસપાસ વયે પણ, શરીર સશકત હતું, અને વિહારમાં માઈલોના માઈલ સુધી ચાલવાની પણ ટેવ પાડી દીધી હતી. પણ ત્યાં તો એક ભારે આઘાતજનક વાત બની ગઇ. પુત્ર અને પુત્રવધૂના દાંપત્ય જીવનમાં એકાએક અગ્નિ પ્રગટયો. તહેમીનાને પતિ માવડિયો લાગ્યો અને એક રાતે એકાએક ચાલી ગઇ. જતી વખતે એક ચિઠ્ઠી મૂકતી ગઇ કે ગૌતમ સાથે રહેવાનું તેના માટે શકય નથી અને તે સદા માટે ચાલી જાય છે. યશસ્વિનીએ આ વાત જાણી ત્યારે તે સ્તબ્ધ થઈ ગઈ. એના પગ ધરતી સાથે જડાઈ ગયા. એના હૈયામાં ચારે બાજુ હતાશા છવાઇ ગઈ. એકના એક પુત્રનો સંસાર કથળી ગયો. પછી તો છૂટાછેડાની વિધિ પણ પતી ગઇ. ગૌતમના સંતાપનો પાર ન રહ્યો. તન અને મન બંનેથી તે પડી ભાંગ્યો. અને તેના જ્ઞાનતંતુઓ ઢીલા પડી ગયા. એવા કટોકટીના સમયે માતા પુત્રનું આશ્વાસન બની.

પ્રસંગો બને છે અને ભૂલાઈ જાય છે પરંતુ એ ભૂંસાઈ જતા નથી. માનવ હૃદય પર પ્રસંગો

પોતાની છાપ અંકિત કર્યા સિવાય નથી રહેતા. પુત્રવધૂ, ગૌતમને છોડી ચાલી ગઈ તેના તમામ દોષનો ટોપલો સમાજના સ્ત્રી પુરુષોએ યશસ્વિની પર ઢોળ્યો. લોકો ટીકા કરતાં કે, "માથા ભારે સાસુના ત્રાસના કારણે પુત્રવધૂ ચાલી ગઇ. બાઇ સાહેબે દીક્ષાના હાથ જોડ્યાં છે, તો એ રસ્તે આજ સુધી કાં ન ગઈ?" પડ્યાં પર પાટુ અને અને દાઝયા પર ડામ એ તો આપણે ત્યાં અનાદિ-કાળથી ચાલતું આવ્યું છે. લોકોનો મોટો ભાગ દુ:ખી છે, એટલે શું અન્યને દુ:ખી કરવામાં તેઓને આનંદ પ્રાપ્ત થતો હશે?

પતિની છબી સામે એક મધ્ય રાતે સમાધિસ્થ યશસ્વિની બેઠી હતી. એનું હૈયું વલોવાતું હતું અને ચક્ષુમાંથી અશ્રુધારા વહી રહી હતી. મનોમન સ્વર્ગસ્થ પતિના આત્માને તે કહી રહી હતી: 'આ બધા દુ:ખો જોવા અને સહેવા માટે મને એકલીને સંસારમાં રાખી તમે ચાલી નીકળ્યાં! તમારી જેવા દયાળુને મારી જ દયા ન આવી? તમારી ઇચ્છા સંતોષવા પુત્રના સુખ માટે સંસારમાં રહી, હવે આજે બધા સ્ત્રી પુરુષો મારી સામે આંગળી ચીંધી કહી રહ્યા છે કે, પતિનું છત્ર જતાં આ વિધવા નારી ઘરમાં માથા ભારે થઈ ગઈ છે. તમારી આજ્ઞા પાલનનું આવું ફળ મારે ભોગવવું પડયું છતાં તમને મારી દયા નથી આવતી? મને તમારી પાસે જ ખેંચી લ્યોને કે જેથી આ દુ:ખ, વેદના અને પરિતાપમાંથી સદા માટે મુક્ત બનુ?'

સ્વસ્થતા અને શાંતિપૂર્વક પતિનો આત્મા આ દુ:ખી નારીને કહી રહ્યો હતો: "યશુ! મૃત્યું દ્વારા કર્મ પરિપાકમાંથી મુક્ત નથી બની શકાતું, એ તો આ જન્મે કે અન્ય જન્મે અવશ્ય ભોગવવા જ પડે છે. બંધ કાળે ચેત પ્રાણી, ઉદયે સંતાપ શો? એ તો અનેકવાર વાંચી ગઇ છો. હું તો કહું છું કે ઉદયે સંતાપ તો નહિં, પણ આનંદ અને પ્રસન્નતા હોવા જોઈએ. કર્મો ભોગવવામાં તો જીવનું અનાદિકાળનું દેવું દેવાતું જાય છે, એમાં તે વળી સંતાપ શા માટે? તારા જેવી સમજુ અને અભ્યાસી માટે તો ઉપાધિ માત્ર સમાધિનું નિમિત્ત બની જવી જોઇએ. દુ:ખ, આઘાત અને વેદના એતો આત્માનો ખોરાક છે. સુખ તો મનુષ્ય સ્વભાવમાં જે કાંઇ નિર્બળતા અને અસ્થિરતાના અંશો છે, તેને ઉશ્કેરવાનું જે કામ કરે છે. દુ:ખ, આઘાત અને વેદના માનવ સ્વભાવમાં જે કાંઇ સબળ અને અચળ અંશો છે તેને ઉત્તજે છે. દુ:ખ વિના સંસારમાંથી મુક્તિ નથી. સીતા જેવી પવિત્ર નારીને પણ રામયુગમાં એ કેવા કેવા દુ:ખો અને વેદના સહેવાં પડયાં! બે બદામનો ધોબી પણ તેની ટીકા કરતો હતો, ત્યારે આ તો ભ્રષ્ટાચાર યુગ. આ યુગમાં ભ્રષ્ટાચારીઓ તારી ગમે તેવી વાતો કરે તેમાં તારા ચિત્તને તું શા કામ અશાંત થવા દે છે? મનનાં મેલાં માનવોને અન્યના દોષો જ દેખાવાના. પોતે સારા હોય તો જ અન્યના ગુણો દેખાયને! આપણે સાથે વાંચતા એ પેલા કાવ્યની પંક્તિઓ તું ભૂલી ગઇ? જો, યાદ કરી આપું:

'જીવનનો કલહ છે, જીવન બહલાવવા,
કલહ વિણ જીવનની ન્હોય પૂર્તિ;
દુ:ખ દર્શન પછી થાય સર્જન સદા,
દુ:ખ છે શકિતની પરમ મૂર્તિ.'

"શુદ્ધ નિષ્ઠા અને ઉચ્ચ ભાવના પૂર્વક માણસ જે કર્મ કરતો રહે છે, તેના જ સાચા મૂલ્ય છે. બાકી લોકોની વાહવાહ, પ્રશંસા કે ટીકાની કિંમત ફૂટી બદામ જેટલી પણ નથી." પતિના આત્માએ યશસ્વિનીને નવું ચેતન આપ્યું. દીક્ષાની ઇચ્છાને પાછી ઠેલવવી પડી. પુત્રના કથળેલાં સંસારને પુનઃ પરિમાર્જન કરવાની ફરજ ઊભી થઈ. થોડા ટાઇમ પછી એક સુશીલ કન્યા સાથે ગૌતમના ફરી લગ્ન કર્યાં અને પછી પોતે દીક્ષાની તૈયારીમાં પડી.

પતિના મૃત્યુ બાદ તુરત જે માર્ગે જવાની તીવ્ર ઇચ્છા હતી, એ માર્ગે ત્યાગ ધર્મના રસ્તે

(અનુસંધાન પાના ૫૫ ઉપર જુઓ)

# આચાર્ય હરિભદ્રસૂરિનો દાર્શનિક દૃષ્ટિકોણ

—હિન્દીમાં મૂળ લેખક :–કુ. સુશીલા જૈન અનુવાદક : કા. જ. દોશી 'રક્તતેજ'

વસ્તુમાત્રના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન અથવા તેને માટે પ્રયત્ન કરવો એટલે તત્ત્વજ્ઞાન. દર્શનની વ્યાખ્યા કરતા વિદ્વાનોએ કહ્યું છે કે "दृश्यते अनेन इति दर्शनम्।"

વસ્તુનું સ્વરૂપ નિઃસીમ તેમજ અનેક પ્રકારનું છે. અનેક વસ્તુઓમાં સત્ય દેશ તેમજ કાળભેદથી વિભિન્ન પ્રકારનું આવિર્ભૂત થાય છે. તેથી કોઈ વ્યક્તિને સત્યનું દર્શન પરિપૂર્ણ તો કોઈ વ્યક્તિને સત્યાંશનું જ જ્ઞાન થાય છે. તેથી સત્યને જાણવાનો રાજમાર્ગ એ છે કે સત્યના શોધકે તે એટલી વ્યક્તિઓના દર્શનને આધાર તેમજ સહાનુભૂતિથી સમજવા પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ સામાન્ય વ્યક્તિ મત–વિરોધ તેમજ મત–વિસંવાદ ખડા કરીને દર્શનને કલેશભૂમિ બનાવી દે છે. જ્યારે વિશિષ્ટ વ્યક્તિ વિરોધ તેમજ મત–વિસંવાદને ટાળવા ઇચ્છે છે.

દર્શન કે તત્ત્વજ્ઞાન ધર્મસંપ્રદાયનો આધાર હોય છે. તત્ત્વજ્ઞાનની ભૂમિકા વગર ધર્મસમ્પ્રદાય ટકી શકતો નથી. પરંતુ જ્યારે કોઈ દર્શને ધર્મ સમ્પ્રદાયની સાથે જોડાય જાય છે, ત્યારે તેની સાથે બીજી ઘણી વસ્તુઓ અસ્તિત્વમાં આવે છે. દર્શન તેમજ આચાર સંબંધી ગ્રન્થો, તે ગ્રન્થોના પ્રણેતાઓને આદરની દૃષ્ટિથી જોનાર અનુયાયી વર્ગ, એ પ્રકારે દર્શન તેમજ ધર્મ એક વિશિષ્ટ જીવિત સમ્પ્રદાય બની જાય છે. આ સમ્પ્રદાયોમાં શ્રેષ્ઠતા કે કનિષ્ઠતાની વૃત્તિ ઉત્પન્ન થાય છે. તેજ દર્શન તેમજ સત્યને લક્ષમાં રાખનાર આચારના નામ પર જેટલા ઝઘડા તેમજ વાદ–વિવાદ થયા તેટલા કયાંય થયા નથી.

પરંતુ શ્રી હરિભદ્રનો વાસ્તવિક ઉદ્દેશ્ય વાદ–વિવાદ નથી. તેમના મૂળગત સંસ્કારોમાં સમતા મધ્યસ્થતા, અનેકાન્તવાદિતા જોવામાં આવે છે. તેથી આ કદાગ્રહોને દૂર હટાવીને અનેકાન્તવાદરૂપ સત્યનું પ્રરૂપણ કરતા લખે છે કે :–

**पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥**

ષડ્દર્શનસમુચ્ચય તેમજ શાસ્ત્રવાર્તાસમુચ્ચય વગેરે દાર્શનિક ગ્રન્થોમાં એમની વિશેષતાઓ સ્પષ્ટ જણાઈ આવે છે.

ષડ્દર્શનસમુચ્ચયના વિષયમાં પહેલો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શ્રી હરિભદ્રસૂરિ પહેલા આ ગ્રન્થ જેવી કૃતિ હતી કે નહિ? ભારતના પ્રસિદ્ધ દર્શનોના પ્રતિપાદન કરવાની દૃષ્ટિએ સિદ્ધસેન દિવાકરની કૃતિ ષડ્દર્શન સમુચ્ચયની સરખામણીમાં મૂકી શકાય છે. શ્રી હરિભદ્રસૂરિએ પોતાની કૃતિ ષડ્દર્શન સમુચ્ચયમાં છ દર્શનોનું નિરૂપણ કર્યું છે. સિદ્ધસેનની દાર્શનિક કૃતિઓ પદ્યબદ્ધ છે તો હરિભદ્રની કૃતિઓ પણ પદ્યબદ્ધ છે. સિદ્ધસેનની કૃતિઓ અશુદ્ધિઓને કારણે તેમજ વ્યાખ્યાઓના અભાવને લીધે અસ્પષ્ટ અને સંદિગ્ધ છે, તો હરિભદ્રસૂરિની કૃતિઓ પાઠ શુદ્ધ તેમજ સ્પષ્ટ વ્યાખ્યાઓને લીધે સ્પષ્ટ તેમજ નિશ્ચિતાર્થક છે.

સિદ્ધસેનજી પોતાની કૃતિઓમાં તે તે દર્શનોના અનેક પ્રમેયોની ચર્ચા કરે છે પરંતુ તેની વચ્ચે કેટલીક વાર પોતાની માન્યતાની સ્થાપના કરતા બીજાઓના મન્તવ્યોની વિનોદપ્રધાન સમાલોચના કરે છે તેમજ વિવાદરત દાર્શનિકોના વિષયમાં વિનોદપ્રધાન તાર્કિક કટાક્ષ કરે છે, જ્યારે હરિભદ્રસૂરિ સાદીને સ્પષ્ટ રીતે દર્શનોનું નિરૂપણ કરે છે. બીજો તફાવત એ છે કે જ્યાં સિદ્ધસેન દર્શનોના માત્ર તત્ત્વોનું નિરૂપણ કરે છે ત્યાં હરિભદ્રસૂરિ પ્રત્યેક દર્શનનું નિરૂપણ કરતા તે દર્શનોમાં માન્ય દેવતાઓનું પણ વર્ણન કરે છે.

હરિભદ્રસૂરિ પછી 'ષડ્દર્શન સમુચ્ચય'ની સાથે તુલના કરી શકાય તેવો ગ્રન્થ 'સર્વસિદ્ધાન્ત પ્રવેશક' છે જેના કર્તા અજ્ઞાત છે તથા 'સર્વસિદ્ધાન્ત સંગ્રહ' છે જેને શંકરાચાર્ય પ્રણીત કહેવામાં આવે છે. ત્રીજી

કૃતિ 'સર્વદર્શન સંગ્રહ' છે જે માધ્વાચાર્ય કૃત છે. ચોથી કૃતિ જૈનાચાર્ય રાજશેખરસૂરિની 'ષડ્દર્શન-સમુચ્ચય' છે. પાંચમી કૃતિ માધવ સરસ્વતી કૃત 'સર્વદર્શન કૌમુદી' છે.

હરિભદ્રસૂરિની પહેલાં જ સમુચ્ચય અન્તવાળી કૃતિઓ શરૂ થઈ ગઈ હતી. દિગ્નાગની 'પ્રમાણ સમુચ્ચય' વગેરે કૃતિઓ તેના ઉદાહરણ છે.

રાજશેખરનું 'ષડ્દર્શન-સમુચ્ચય' હરિભદ્રસૂરિના 'ષડ્દર્શન-સમુચ્ચય'ના આધાર ઉપર રચાયેલ છે. હરિભદ્રસૂરિની રચના ૮૭ પદ્યોમાં પૂરી થાય છે, જ્યારે રાજશેખરની કૃતિ ૧૮૦ પદ્યોમાં છે, અને જે દર્શનોનું નિરૂપણ હરિભદ્રસૂરિએ કર્યું છે, તેનું નિરૂપણ રાજશેખરસૂરિએ પણ કર્યું છે. હરિભદ્રસૂરિએ દર્શનમાં માન્ય દેવ તથા પ્રમાણ પ્રમેયરૂપ તત્ત્વોનું નિરૂપણ કર્યું છે, જ્યારે રાજશેખરસૂરિએ તત્ત્વ ઉપરાંત લિંગ, વેષ, આચાર, ગુરુ, ગ્રન્થ અને મુક્તિ વગેરે વર્ણવી તે તે દર્શનોનો તફાવત પણ બતાવ્યો છે. તેનો ઉપયોગ ગુણરત્નસૂરિએ હરિભદ્રસૂરિના 'ષડ્દર્શન-સમુચ્ચય'ની ટીકા લખતા કર્યો છે.

હરિભદ્રસૂરિ 'ષડ્દર્શન-સમુચ્ચય'ની શરૂઆતમાં છ દર્શનોના નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે. તે છ દર્શનોમાં જે નામ આવે છે તેમાં ચાર્વાકનો નિર્દેશ નથી. પરંતુ છ દર્શનોનું નિરૂપણ કર્યા પછી ન્યાય-વૈશેષિકને એક ગણાવીને આસ્તિક દર્શનોની સંખ્યા પાંચ બતાવી છે ચાર્વાકનું વર્ણન છઠ્ઠા દર્શનના રૂપમાં કર્યું છે તેથી તેમનો ચાર્વાક તરફ સદ્ભાવ જણાય છે. હરિભદ્રસૂરિની પહેલા ભારતીય આત્મવાદી દાર્શનિકો ચાર્વાક દર્શન તરફ ધૃણાની દૃષ્ટિએ જુએ છે. એમ જણાય છે કે હરિભદ્રસૂરિમાં આ નિકૃષ્ટતાની ભાવના ન હતી. તેઓએ તેની મૂળ પ્રકૃતિ પ્રમાણે ચાર્વાકનો વિચાર કર્યો છે અને કહ્યું છે કે જીવન તેમજ જગતના વિષયમાં વિવિધ ઉતરતી ચઢતી કક્ષાઓમાં તેનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. દર્શન માત્ર વર્તમાન જીવનને સન્મુખ રાખીને વિચાર કરે છે અને દશ્યમાન લોકને જ મુખ્ય માને છે એટલા માટે એ અવગણના પાત્ર નથી. આ રીતે આચાર્ય હરિભદ્રસૂરિએ પોતાની વિશાળ દૃષ્ટિથી ચાર્વાક દર્શનને પણ દર્શનની કોટિમાં સ્થાન આપ્યું છે.

**શાસ્ત્રવાર્તા સમુચ્ચય :** શાસ્ત્રવાર્તા સમુચ્ચય દ્વારા આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ દાર્શનિક પરંપરામાં એક અસાધારણ દૃષ્ટિકોણ રાખ્યો છે. હરિભદ્રસૂરિની અગાઉ વૈદિક બૌદ્ધ, અને જૈન પરંપરામાં અનેક ધુરંધર આચાર્યોના વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ ગ્રન્થો મળે છે. કે જેના દ્વારા તેઓએ બીજી પરમ્પરાઓની માન્યતાઓ અને આચારોની સમાલોચના કરી છે. આચાર્ય હરિભદ્રસૂરિએ 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય'ની વ્યાખ્યા (ટીકા) જાતે જ કરી છે. પરંતુ હરિભદ્રસૂરિથી લગભગ ૯૦૦ વર્ષ બાદ યશોવિજયજીએ 'શાસ્ત્રવાર્તા' પર એક વિસ્તૃત વ્યાખ્યા (ટીકા) લખી છે. જો કે શ્રી હરિભદ્રસૂરિએ આ ગ્રન્થમાં અન્ય સઘળા મતોની સમાલોચના કરી છે પરંતુ આ સમાલોચનામાં તે મતોના આચાર્યો તરફ જરા પણ નિકૃષ્ટ દૃષ્ટિએ જોયું નથી. જે રીતે પોતાના દર્શનના આચાર્યો તરફ સન્માનની દૃષ્ટિએ જુએ છે એવીજ રીતે બીજા મતના આચાર્યો તરફ પણ સન્માનનીદૃષ્ટિ રાખી છે. આચાર્ય હરિભદ્રસૂરિની બીજા વિદ્વાનો તરફની આ સન્માનદૃષ્ટિ તે સમયના દાર્શનિક સમુદાયમાં કોઇ બીજામાં નહોતી. જો કોઈ વિદ્વાન પોતાના પ્રતિપક્ષી તરફ સન્માનની દૃષ્ટિથી જુએ તો એમ સમજવું જોઇએ કે તેમનું આંતરિક મન ગુણગ્રાહક અને તટસ્થતાપૂર્ણ છે. આ જ છે તેમની સમત્વભાવના અને નિષ્પક્ષપાતીપણું આવી માનસિક ભૂમિકામાં પ્રતિપક્ષનું નિરાકરણ કરવા છતા પણ તે મતમાં રહેલા સત્યાંશને શોધી કાઢે છે.

આચાર્ય હરિભદ્રસૂરિ ભૂતવાદી ચાર્વાકની સમીક્ષા કરતી વખતે ભૂતસ્વભાવવાદનું ખંડન કરે છે તેમજ લોક તથા સુખ-દુઃખની વિષમતા દર્શાવતા કર્મવાદની સ્થાપના કરે છે. એવી જ રીતે ચિત્શક્તિના માનનાર બૌદ્ધોના મતનું નિરાકરણ કરીને જૈન દૃષ્ટિએ કર્મનું સ્વરૂપ બતાવે છે. તેની ચર્ચા કરતી વખતે તેમને લાગ્યું કે જૈન પરમ્પરા કર્મના ઉભયવિધ સ્વરૂપમાં માને છે. ભૌતિક પરિસ્થિતિનો ચેતના પર અને ચેતન સંસ્કારનો

ભૌતિક પરિસ્થિતિ પર પ્રભાવ પડે છે. આ જ દ્રવ્ય કર્મ તેમજ ભાવકર્મ છે. આ હકીકતોના આધાર પર જ કર્મવાદ અને પૂનર્જન્મવાદ ટકેલા છે. ચાર્વાક મત ભૌતિક દ્રવ્યને સ્વભાવ માને છે, જ્યારે મીમાંસક અને બૌદ્ધ અભૌતિક તત્ત્વને સ્વભાવ માને છે. તેથી આચાર્ય હરિભદ્રસૂરિએ બન્ને પક્ષોમાં રહેલ એક એક સત્યને પરસ્પર પૂરક માનીને કહ્યું છે કે જૈન કર્મવાદનું ચાર્વાક તથા મીમાંસક અને બૌદ્ધ મન્તવ્ય સાથે સામ્ય છે. આ રીતે કર્મવાદની ચર્ચામાં તુલનાનું દષ્ટિબિન્દુ ઉપસ્થિત કર્યું છે.

**कर्मणो भौतिकत्वेन यद्वैतदपि साम्प्रतम् ।**
**आत्मनो व्यतिरिक्तं तत् चित्रभावं यतो मतम् ॥**
**(शास्त्रवार्तासमुच्चय-श्लो. ९५)**

**शक्तिरूपं तदन्ये तु सूरयः संप्रचक्षते ।**
**अन्येतु वासनारूपम् विचित्रफलदं मतम् ॥**

ન્યાયવૈશેષિક આદિ સમ્મત ઈશ્વર દ્વારા જગત્ કર્તૃત્વના પ્રતિવાદ કરતા કરતા તેઓ માનવશાસ્ત્રીય રહસ્ય શોધે છે. તેઓ કહે છે કે જીવમાત્ર તાત્ત્વિક રૂપે પરમાત્માનો અંશ છે. તે જ પોતાના ભાવિનો કર્તા છે. આ રીતે જીવ જ ઈશ્વર છે અને એ જ કર્તા છે.

**ईश्वरः परमात्मैव तदुक्तव्रतसेवनात् ।**
**यतो मुक्तिस्ततस्तस्याः कर्ता स्याद्गुणभावतः ॥**
**(शा. वा. श्लो. २०४)**

**परमैश्वर्ययुक्तत्वान्मत आत्मैव चेश्वरः ।**
**स च कर्तेति निर्दोषः कर्तृवादो व्यवस्थितः ॥**
**(शा. वा. श्लो. २०७)**

આ રીતે આચાર્ય હરિભદ્ર સાંખ્ય, બૌદ્ધ, ઔપનિષદિક વગેરે મતોની સમાલોચના પોતાના શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં કરે છે. પરંતુ તેમાં રહેલા સત્યાંશોની ઉપેક્ષાની દૃષ્ટિએ કરતા નથી પણ તે સત્યને પોતાના દષ્ટિકોણ સાથે સરખાવે છે. તેથી સ્પષ્ટ છે કે આચાર્ય હરિભદ્રનું દષ્ટિકોણ ખણ્ડન-મણ્ડનની વિતણ્ડામાં પડીને સત્યનું સ્વરૂપ સમજાવવાનો છે. આ તેમના દર્શનની દેન છે.

(શ્રમણ નવેમ્બર ૧૯૭૧માંથી સાભાર ઉદ્ધૃત.)

(અનુસંધાન પાના ૫૨નું શરૂ)

જવા યશસ્વિની તૈયાર થઈ. એ શુભ પ્રસંગે પતિના આત્માની રજા લેતાં ગદ્ગદિત થઈ તેણે કહ્યું "વગર ઇચ્છાએ આપના આત્માના સંતોષ માટે, આ સંસારમાં દીર્ઘકાળ પર્યંત મારે રહેવું પડયું, પણ તેમ કરવામાં કેટકેટલા સંઘર્ષો આઘાતો વેદના અને દુઃખો સહન કરવા પડયાં ? મારા જીવે ગત જન્મમાં એવા તે શા અપરાધો કર્યા હશે કે દીક્ષા માટે, સંપૂર્ણ રીતે યોગ્ય પાત્ર હોવા છતાં અત્યાર સુધી ઉદયમાં જ ન આવી ?"

પતિનો આત્મા સ્મિત પૂર્વક કહી રહ્યો હતો "સુશીલ નારી ! સંઘર્ષ એ જ જીવન છે અને બીજી રીતે કહું તો જીવન એ જ સંઘર્ષ છે. વસ્તુ જેટલી ઉત્તમ, તેટલું તેનું મૂલ્ય વધારે. દીક્ષાનો માર્ગ એટલે તો મુક્તિનો પથ. મુક્તિથી અધિક કીમતી અન્ય શું હોઈ શકે ? જેવી વસ્તુ તેવી તેની કિંમત. સંઘર્ષો આઘાતો વેદનાઓ અને દુઃખો દ્વારા તો, માનવને આ સંસારની અસારતાનું ભાન થાય છે. આ જ્ઞાન પ્રાપ્ત થયા વિના, માનવીને સાચો અને પાકો વૈરાગ્ય આવી શકતો નથી. સંસારની અસારતા, અનિત્યતા અને ક્ષણભંગુરતાને જાણ્યાં સમજ્યાં કે અનુભવ્યાં વિના, દીક્ષાના મૂલ્ય પણ કેટલા ? હવે જ સાચી દીક્ષાના માટે તમે લાયક બન્યાં યશસ્વિની ! જીવનમાં મને જે પ્રાપ્ત ન થયું, તે એક વખતના મારા જીવન સાથી ને પ્રાપ્ત થાય છે, એ પ્રસંગે મારા આત્માને અકલ્પ્ય આનંદ થાય છે. તમારો માર્ગ નિષ્કંટક હો ! તમને સાચું જ્ઞાન પ્રાપ્ત થાઓ અને અનેકને સાચું જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં નિમિત્તરૂપ બનો, એજ અભિલાષા મારા આત્માની તમારાથી સદાને માટે છૂટા પડતાં વખતની છે ! અને મુકરર તિથિના દિવસે, વિજય મુહૂર્તે જ્યારે યશસ્વિનીએ પ્રવજ્યા લીધી, ત્યારે એક બાજુ પુત્ર અને પુત્રવધૂ અશ્રુભરી આંખોએ તેને વંદી રહ્યા હતા ત્યારે બીજી બાજુ અનેક સ્ત્રી પુરુષો બુલંદ અવાજે પોકારી રહ્યાં હતાં 'ધન્ય પુત્રી ! ધન્ય દાંપત્ય જીવન ! ધન્ય માતા ! ધન્ય સાધ્વીજી !"

# મંછા ભૂત અને શંકા ડાકણ

લેખક :— શ્રી ધનસુખલાલ મહેતા

ભાઈ! વાત બની ગઈ આ પ્રમાણે :

મારી બૈરી સૂતી ત્યારે જ હું વહેલો કામ પર જવા નીકળી પડયો. એક ઠેકાણે કામ કરવાનું હતું તે બે કલાકમાં પતાવી દીધું. ત્યાંથી પાછો મારી દુકાને થઈને હું ઘેર ગયો. વધારેમાં વધારે મને ત્રણ કલાક થયા હશે. પણ એ ત્રણ કલાક થોડા કહેવાય કે વધારે, એ પ્રસંગો પર આધાર રાખે છે. પણ જવા દો, પહેલેથી જ શરૂ કરીએ :

થોડેક આગળ જઇને મારે બસ પકડવાની હતી. હું જતો હતો એટલામાં અમારા ઘર પાસે રહેતા એક ડોશીમા જરાક મોટો બોજો ઊંચકીને જતાં હતાં. તેણે મને જોઈને કહ્યું : "કોણ, છોટુભાઇ? દીકરા આટલો બોજો જરા ઊંચકી લેને! મારેય પાસે જ જવું છે, નાકા-સુધી."

મેં મૂંગા મૂંગા બોજ ઊંચકી લીધો. થોડીકવાર થઈને ડોશીમાએ પૂછ્યું : "છોટુભાઇ, વહુ કયાં?" મને જરા આશ્ચર્ય તો થયું. છતાં બોલ્યો "કોણ નંદુ? કેમ વળી? ઘરમાંસ્તો. કેમ પૂછવું પડયું?" નારે, અમસ્થું. બિચારો મારો છોટુ!" ડોશી બોલી.

"હું બિચારો કેમ થયો?" મેં પૂછ્યું.

"નારેના. એ તો કાંઈ નહિ. જમાના ગયા, ભાઈ...હવેના જમાનાનાં બૈરા જ જુદા"

"કાંઈ કારણ?" મેં પૂછ્યું.

"ભાઈ, અમારા વખતમાં મરદ કામ પર નિરાંતે જાય..." "અને હવે?" મેં પૂછ્યું.

"હવે તો ચિંતા થાય કે ઘેર પેલી શું કરતી હશે?"

"એટલે?"

"હવે કાંઇ નહિ, દીકરા! એ તો વાતની વાત!" આટલું કહીને ડોશીમા મારા હાથમાંથી બોજને લઇને કાંઈક ઝડપથી આગળ ચાલ્યાં. પણ મેં એને પકડી પાડી અને કહ્યું, "એમાં નંદુ કયાં આવી?"

"હું તો દીકરા કશું જાણતી નથી" ડોસી બોલી, "પણ આ તો એમ કે ચેતેલા સારા."

"પણ મને કહો તો ખરાં, નંદુએ શું કર્યું છે?" મે પૂછ્યું.

"ભાઈ, મને શું પૂછે છે? પૂછજે પેલી ગંગાને" આમ કહી તે તો પસાર થઇ ગઈ.

કામમાં મારું ચિત્ત લાગ્યું નહિ. છતાં ગમે તેમ તે પતાવી ગંગાને ઘેર ગયો. એનું ઘર સુભાગ્યે રસ્તામાં જ હતું. વાત એવી હતી કે આ ગંગા સાથે મારા વિવાહ થયેલા પણ પછી ઓછંડાયા અને હું પરણ્યો નંદુને. ગંગા કોઈ બીજા સાથે પરણી પણ ખરી, અને અને બે વર્ષમાં રાંડી પણ ખરી. એના ઘરમાં તે એકલી રહેતી હતી.

મને જોઈને એણે તરત જ કહ્યું : 'નંદુને પરણીને સુખી તો થયાને?'

'ઓહો! ત્યારે તો આ વાત તેં જ વહેતી મૂકી છે.' હું ગુસ્સે થઇને બોલ્યો.

'ના બાપા, ના. મેં વહેતી નથી મૂકી. એ વહેતી મૂકનાર તો આપણી ચંદાગવરી.' આમ કહીને એ ખડખડાટ હસી.

પરણ્યાને મને ત્રણેક વર્ષ થયા હતાં. મને નંદુમાં કોઈ દૂષણ જણાયું ન હતું. પણ પેલી ડોકરી અને આ ગંગા બેને મોએથી વાત સાંભળી મારું મન વિહ્વલ બની ગયું. ઈર્ષ્યા! શંકા! કેવી વસ્તુઓ છે! નંદુના સદ્‌ગુણ મને હવે ભયકર દુર્ગુણ જણાવા માંડ્યા. એનું હેત મને કૃત્રિમ લાગ્યું. એનો સ્નેહ મને હવે દંભ જણાયો.

ચંદાગવરીને અમે બધાં ઓળખતાં હતાં. એ અમને બધાંને પિછાણતી હતી અને બહુ દૂર રહેતી

નહોતી. એથી હું સીધો એને ત્યાં ઊપડયો. એનો ધણી સારા નશીએ બહાર ગયો હતો અને એ રાંધતી હતી.

'કેમ છોટુભાઈ? અત્યારમાં તમારી સવારી મારે ત્યાં?' તેણે પૂછ્યું.

મેં મારો સવાલ પૂછ્યો: 'આ વાત તમે બનાવી કાઢી?'

'અરેરે! હું નંદુને વિશે વાત બનાવી કાઢું? એ તો મારી નાનપણની બહેનપણી.'

'તો પછી ગંગાએ સપનામાં એવું કાંઈક સાંભળ્યું હશે!' મેં કહ્યું.

'ના ભાઈ, ખોટું શા માટે બોલું? મેં એને કહેલું.'

'તો પછી તમેજ ઉપજાવી કાઢી!' હું બોલ્યો.

'નારે ના, ભાઈ હું તે ઉપજાવી કાઢું? મેં તો સાંભળેલું કહ્યું.'

'કોની પાસેથી સાંભળ્યું?' મેં ધાંટો પાડીને પૂછ્યું.

'અરે છોટુભાઈ, પુરુષ જાત વહેમીલી, ભાઈસાબ.'

'એમ ગલ્લાં-તલ્લાં ન કરો, ચંદાબહેન, નામ કહી દો. તમે કોની પાસેથી આ વાત સાંભળી? નહિ તો એમાંથી તમે સાર નહિ કાઢો.' મારો મિજાજ હવે કાબૂમાં ન રહેતાં હું જોરથી બોલ્યો.

તમે તો હદ કરો છો, છોટુભાઇ. પેલીએ કહ્યું: 'મારે શું? મને તો પેલી હસમુખે કહ્યું. એ તો મરદનું નામ પણ જાણે છે.'

'એ મરદનું નામ મને જણાવો.'

'ભાઇ, એ હસમુખને જ પૂછજોને!' પેલી બોલી, 'વચમાં મને નાહકના શા માટે હેરાન કરવા નીકળ્યા છો?'

હવે તો મને નંદુના ચારિત્ર વિશે શંકા નહિ, પણ ખાતરી જ થઈ ગઈ. હસમુખ જુવાન છોકરી હતી અને કોલેજમાં જતી હતી.

હું તરત જ એને ત્યાં પહોંચ્યો અને બારણા આગળથી બૂમ મારીને મેં એને બહાર જ બોલાવી. એ તો તરત હસતી હસતી આવી. 'ઓ હો, છોટુભાઈ! મારું શું કામ પડ્યું?'

'પેલાનું નામ શું?' મેં પૂછ્યું.

'કોનું નામ? તમે પણ! જરા સીધું તો બોલો.'

'હવે ઢોંગ જવા દે ને! મારી બૈરી નંદુનો કોણ પુરુષ મિત્ર છે?' હું દાંત પીસીને બોલ્યો: 'આખું ગામ જાણતું લાગે છે. માત્ર હું જ જાણતો નથી!'

'જુઓ છોટુભાઈ, તમે કાંઈ બહુ ઉશ્કેરાઈ ગયા જણાઓ છો. જરા શાંત થાઓ' હસમુખે કહ્યું.

'હવે બધી લાહ્યરી જવા દે. મને જલદી નામ કહી દે.'

'નગીન' પેલી બોલી.

'નગીન કોણ?' મેં પૂછ્યું.

'એમ બારિસ્ટરની પેઠે સવાલ જવાબ ન કરો. મારે વહેલાં કોલેજ જવું છે.' પેલીએ કહ્યું, 'હું એ નથી જાણતી.'

'તો કોણ જાણે છે?' મેં પૂછ્યું, 'તને કોઇએ કહ્યું હશે ને?'

"મને તો ભાઇ, તમારી પાડોશી પેલી જમનાએ કહ્યું હતું. બસ, હું જાઉં?" આમ કહી એ ઘરમાં પાછી અદ્દશ્ય થઈ ગઈ

હું ત્યાંથી ઘેર કેવી રીતે ગયો અને ઘરની પાસે રહેતી જમનાને ત્યાં કેવી રીતે પહોંચ્યો એ મને સાંભરતું નથી, એટલો હું ઉશ્કેરાઇ ગયો હતો. હું જમનાને ત્યાં પહોંચ્યો. જમના શાકવાળા પાસે શાક લેવા બહાર જ ઊભી હતી.

"કેમ જમનાબહેન, તમને બીજો ધંધો નથી કે મારી બૈરી મારી ગેરહાજરીમાં પરાયો પુરૂષ ઘરમાં ઘાલે છે, એવી વાત ઉપજાવી કાઢી?" મેં ઉશ્કેરાઇને કહ્યું.

'ચા...આ...લો, તે મેં વાત ઉપજાવી કાઢી, એમ ને?' જમનાએ ઠંડે કલેજે કહ્યું.

ત્યારે કોણે ઉપજાવી કાઢી? બધાં તમારું જ નામ દે છે. મેં ઝુકાવ્યું.

"હા, ભાઈ. હું આ વાત જાણું અને મેં એકાદ બેને વાત કરી પણ હશે, પણ વાત મેં ઉપજાવી કાઢી નથી "

"તો પછી તમને કોણે કહ્યું ?" મેં પૂછ્યું. "તમારી બૈરીએ" તેણે કહ્યું.

"હેં ! મારી બૈરી નંદુએ ? તમે શું બોલો છો ?"

"હા, ભાઈ હા. નંદુબહેને જ કહ્યું હતું અને વળી એમ પણ કહ્યું હતું કે તમે એમને આ વાત કહેતાં નહિ." જમના બોલી.

હું છલંગ મારીને ઘેર પહોંચ્યો. ઘંટડી વગાડી પણ બારણું ઊઘડ્યું નહિ એટલે મેં બે ચાર લાત બારણાને ચોડી કાઢી. નંદુ એ જ બારણું ઉઘાડ્યું અને તદ્દન સ્વસ્થ ચિત્તે પણ જરાક આશ્ચર્યથી મને પૂછ્યું: 'કેમ, આજે આમ ? બારણાને તોડી પાડવું છે ?'

'એ તો બધું સમજ્યો, પણ હુ અહિં નથી હોતો ત્યારે નગીન અહીં આવે છે એમ ને ?' હું બરાડ્યો.

'પણ...પણ—'

'પણ ને બણ ! પાછો સામે જવાબ આપે છે ?' આમ બોલી મેં ગુસ્સામાં ને ગુસ્સામાં નંદુને તમાચો ચોડી કાઢ્યો. અને પછી તેને લગભગ ધક્કો મારી અંદર ગયો, તો સામો જ નગીન લગીર ગભરાયેલો મળ્યો. એણે મને નંદુને તમાચો મારતાં પણ જોયેલો. એ બોલ્યો: 'અરેરે ! છોટુભાઈ, તમે આવા શાંત માણસ થઈને આવડી નાની બાબતમાં નંદુને તમાચો મારી દીધો ?'

'પણ—' હું તત પપ થઇ ગયો.

'ભૂલ મારી, દોષ મારો. પણ બબ્બે દિવસનો હું ભૂખ્યો હતો. જાહેરમાં ફરતાં હું શરમાતો તેથી આખરે તમે મને તમારે ત્યાં આવવાની સાફ ના પાડી હતી, છતાં આવ્યો. અને નંદુ મારી સગી બહેન. તેનાથી મને તરછોડાયો નહિ. એમાં આટલો ગુસ્સો ? અને તે પણ છોટુભાઈ કરે ? હું હમણાં જ ચાલ્યો જાઉં છું. ફરીથી તમારે ઘેર પગ નહિ મૂકું. પછી તો બસને ? સગી બહેનને હું દુઃખી કરૂં ?'

નગીન–મારો સાળો આટલું બોલીને રડતી નંદુને શાંત કરવા લાગ્યો.

હું તો આટલું બની ગયું એથી લગભગ શૂન્ય મનસ્ક થઈ ગયો હતો. નંદુનો ભાઈ પહેલેથી જ ચારસો વીસ. નંદુનું પિયર અમારા ગામથી દૂર અને નગીનનું આવું ચારિત્ર, એટલે એ આ તરફ ફરકેલો જ નહિ. કાંઇક ગુનામાં આખરે એ પકડાયેલો અને એક વરસની જેલ પામેલો. એનો છૂટવાનો વખત થયેલો ત્યારે મેં નંદુને કહી દીધેલું કે, 'તારો ભાઇ હોય કે ગમે તે હોય, પણ એને મારે ત્યાં હું દાખલ કરવાનો નથી ! કે તું બોલાવતી નહિ !'

મારી આ આજ્ઞાને પરિણામે નંદુએ એને છાનામાના બોલાવ્યો હતો. મને સમજાયું કે મેં લગભગ પોણો ડઝન નગીન જુદા જુદા કલ્પ્યા, પણ આજ કમબખ્ત મારા ધ્યાનમાં કેમ ન આવ્યો ?

પણ ખેર ! થયું તે ન થવાનું નહોતું. હું શરમાઇ ગયો. કોઈ દિવસ નંદુને મેં ઊંચે સૂરે બોલાવેલી નહિ, તેને મેં તમાચો ચોડી કાઢ્યો, એથી હું ખૂબ શરમાઈ ગયો. મેં કહ્યું: "નગીન ! તારે કયાંય જવાનું નથી. તું અહીં રહે. કોઇ ઠેકાણે ગોઠવી દઈશું. પછી તું ગમે ત્યાં જજે. પણ જો બધાંને એમ જ કહેવાનું કે તું આફ્રિકા ગયેલો અને હમણાં જ પાછો આવ્યો છે. તને ઠેકાણે પાડતાં મને વાર નહિ લાગે."

પેલી ડોશીને હું તે દિવસે મળ્યો જ ન હોત તો ? બીજાંની વાતો સાંભળી મેં બૈરીને તમાચો ચોડી કાઢ્યો. એના દંડ રૂપે મારે મારા ચારસોવીસ સાળાને ખાસ્સો અઢી માસ ઘેર રાખવો પડ્યો. સાચું જૂઠું બોલીને એને એક ઠેકાણે નોકરીએ રખાવવો પડ્યો. અને એ ગામમાં ને ગામમાં એટલે લગભગ જિંદગી પર્યંત એની સંભાળ પણ રાખવી પડી ! પણ આવા સંજોગોમાં બીજુ થાય પણ શું ?

# ધર્મનું સાચુ સ્થાન આપણું હૃદય છે

પૂ. કેદારનાથજીનું એક વ્યાખ્યાન

ગામમાં રોગનું પ્રમાણ ભયંકર વધે અથવા આપણાં જ ઘરમાં ઘણાં મોટા પ્રમાણમાં કચરો ભેગો થાય એટલે આપણને પોતાનું બધું લક્ષ જેમ તેના જ નિવારણ માટે આપવું પડે છે, તે જ પ્રમાણે આજે આપણાં સમાજમાં બધે જ અશુદ્ધિ ફેલાઈ છે તેને દૂર કરવા માટે આપણે બધાએ લક્ષ આપવું જરૂરી છે. કોઇ ધનલોભથી, તો કોઈ તૃષ્ણાથી, કોઈ ગુજરાનની મુશ્કેલીને લીધે તો કોઈ સત્તાના મદથી કોઈ ફક્ત અધૈર્યથી તો 'કોઈ આજની અનિશ્ચિત પરિસ્થિતને લીધે, એમ દરેક જણ આજના પાપચક્રમાં સપડાયેલો છે. એટલું જ નહિ પણ આપણાં બધાના ચાલુ આચરણને લીધે આ ચક્રની ગતિ વધતી જાય છે. આપણે બધા નિશ્ચય કરીને આ અશુદ્ધિ દૂર કરવા માટે પોતાની શક્તિ સંપૂર્ણપણે લગાડીએ તો આ ચક્રની ગતિ મંદ થશે અને થોડા જ વખતમાં આ પાપચક્ર બંધ પડશે. આ કાર્ય માટે શુદ્ધિમંડળ જેવી સંસ્થાઓની જરૂર છે. આ કાર્ય એક વ્યક્તિનું કે કોઇ એક સંસ્થાનું નથી, પણ આપણા દરેકનું છે. અમારા આમંત્રણને માન આપીને તમે બધા અહીં આવ્યા તે માટે હું તમારા બધાનું અંતઃકરણથી અભિનંદન કરૂં છું-તમને બધાને ધન્યવાદ આપું છું. તે સાથે જ હું તમને બધાને નમ્રતાથી પણ આગ્રહથી વિનતિ કરૂં છું. કે તમારા પૈકી દરેકે આ કાર્ય પોતાનું જ છે, આ ધર્મ કાર્ય છે, આ કર્તવ્ય છે એમ સમજીને આ શુદ્ધિકાર્યમાં તન, મન, ધનથી ભાગ લેવો.

આપણે માણસ છીએ તેથી ગમે તેટલાં કષ્ટો વેઠીને આપણે માનવ ધર્મથી જ વર્તવું જોઇએ. એમ હોવા છતાં આપણે પોતાના ધર્મથી વિમુખ થયા છીએ એમ દુઃખથી કબૂલ કરવું પડે છે. ઇશ્વરે આપણને મનુષ્ય જન્મ આપ્યો છે પણ તે પ્રમાણે આપણે વર્તતા નથી તેમાં ઈશ્વરનું અપમાન છે. માનવજાતિનો આ દ્રોહ છે. આપણે પોતાના જીવનનું મહત્ત્વ સમજતા નથી એ આપણું આ સ્થિતિએ પહોંચવાનું કારણ છે. સામુદાયિક ધર્મ, સામાજિક ધર્મ આપણે જાણતા નથી. વ્યક્તિગત સુખનાં કરતાં બીજા કશાને જ આપણે મહત્વ આપતા નથી. સ્વાર્થને જ આપણે શ્રેષ્ઠ સમજીએ છીએ. દેશનું હિત સમાજનું હિત શેમાં છે તેનો આપણે વિચાર કરતાં નથી. ઘણાં સમયથી આપણે આ જ સ્થિતિમાં દિવસો કાઢીએ છીએ. કોઈ પણ ઉદાત્ત આદર્શ વગર, માનવતાની ઉદાત્ત ભાવના વગર કેવળ ધ્યેયશૂન્ય અવસ્થામાં આપણાં દિવસો ચાલ્યે જાય છે. તેનું પરિણામ આપણાં મન પર એટલું વિપરીત થયેલું છે કે પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે પોતાના સમાજને, દેશને કે પોતાના જ બંધુઓને ગમે તેટલું સહન કરવું પડતું હોય તો યે તે માટે આપણને કશું જ લાગતું નથી. આપણાથી થતા દેશદ્રોહ-સમાજદ્રોહ વિષે આપણને કશો જ ખેદ થતો નથી એટલી હીન મનોદશા આપણી થયેલી છે. ખરેખર આપણે ઘણી જ અવનત સ્થિતિએ જઈ પહોંચ્યા છીએ.

પરમાત્માએ આપણને મનુષ્ય જન્મ આપ્યો છે તેમાં તેનો હેતુ આપણા ધ્યાનમાં આવે તો આપણે પોતાના જીવનનો સદુપયોગ કર્યા વગર નહીં રહીએ, પોતાનો ધર્મ આપણે નહીં વિસરીએ. પોતાનું કર્તવ્ય કરતાં રહેવામાં આપણે કદી ચૂકશું નહીં. પરમાત્માએ અનંત સૃષ્ટિ બનાવેલી છે. પશુ, પક્ષી અને પ્રાણીઓ નિર્માણ કર્યા છે. તેમ જ મનુષ્યને પણ નિર્માણ કર્યા છે. પશુપક્ષીને આપેલી શક્તિ-બુદ્ધિ તેમના પૂરતી છે. તેમની આજીવિકા ચલાવવા પૂરતી તે છે. પોતાનું પેટ ભરવા કરતાં તેઓ કશું વધારે કરી શકતાં નથી. પણ ઈશ્વરે માણસને તીવ્ર અને તીક્ષ્ણ, પ્રખર અને પ્રગલ્ભ મન, બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિયો, કાર્યક્ષમ કર્મેન્દ્રિયો, તે જ સાથે હજારો વર્ષથી ચાલતો આવેલો માનવતાનો, જ્ઞાનનો વારસો-આટલી મૂલ્યવાન ભેટો આપ્યાં છતાં, પરસ્પર માણસમાં પ્રેમ અને એકતા વધારી સંઘશક્તિ પેદા કરવાના સાધનો આપ્યા છતાં અને અગાધ સામર્થ્યવાળી માનવ પ્રકૃતિ બનાવેલી હોવા છતાં તે

બધાંનો ઉપયોગ તો ફક્ત પોતાના સુખ ખાતર કરે એ માટે તેને તિરસ્કાર થવો જોઈએ. તેને પોતાની કૃપણતા અને પોતાના સ્વાર્થ માટે શરમ ઉપજવી જોઈએ. વિચાર કરતાં આપણાં ધ્યાનમાં આવે છે કે આ બધી શક્તિઓ પરમાત્માએ આપણને ધર્મ માર્ગે વાપરવા માટે આપી છે. પોતાની શક્તિ, બુદ્ધિનો, પોતાના સર્વસ્વનો ઉપયોગ બધાના સુખ માટે કરતા રહેવું એમાં જ ખરો ધર્મ છે. જે જે વસ્તુ પર આપણો અધિકાર છે, આપણો હક્ક છે એવું માણસ સમજે છે તે વસ્તુ ખરેખર તેની છે શું? થોડો વિચાર કરીને તેણે જોવુ. જે શરીરને તે પોતાનું કહે છે તે શરીર પણ તેનું છે શું? તે તેણે પોતે કયાંથી આણ્યું? કયાં ખરીદ કર્યું? શું કિંમત આપીને તેણે તે ખરીદ્યું? આનો ઉત્તર આપવો સહેલો નથી. વિશ્વમાંથી તે નિર્માણ થયેલું છે. વિશ્વની શક્તિથી તે વધ્યું છે. પરમાત્માની અનંત કલામાંથી તે ફક્ત એક સાધારણ કૃતિ છે. આ શરીર તેનું છે. વિશ્વના ધર્મથી તેનું પાલન પોષણ થાય છે. તેનું રક્ષણ થાય છે. તે શરીર અને તેની શક્તિ બુદ્ધિથી પ્રાપ્ત થયેલું બધુ પોતાનું જ છે એમ માણસ સમજે છે એ તેની કેટલી ભ્રાંતિ છે? આમાં કેટલો મોહ છે? પણ આશ્ચર્ય એ છે કે આ ભ્રાંતિમાં તેને જે જે કંઈ લાગે છે તેને તે જ્ઞાન કહે છે. અભિલાષા, વાસના, લોભતૃષ્ણા અને સ્વાર્થને તે અધિકાર હક્ક સમજે છે. આ કૃતઘ્નતા અને પામરતા છે. પરમાત્માએ આપેલી વિશ્વમાંથી પ્રાપ્ત થયેલી શક્તિઓમાંથી જે જે કંઈ આપણને પ્રાપ્ત થાય છે તે તે આપણાં એકલાનું છે એમ ન માનતાં તે બધાનું છે એમ સમજવું અને તે જ પ્રમાણે વર્તવું એ જ ધર્મ છે. જ્ઞાન, વિદ્યા, કલા, બળ, ભાવ, ગુણ કે આપણને પ્રાપ્ત થયેલી કોઇ પણ ઉપયોગી વિશેષ વસ્તુ આપણે વિશ્વમાંથી, સમાજમાંથી પ્રાપ્ત કરેલી છે. તેનો ઉપયોગ કરનારા આપણે જ કેવળ છીએ એમ માનવુ એ અધર્મ છે. આ અધર્મને લીધે જ આજે આપણી આટલી દુર્ગતિ થયેલી છે. આ દુર્ગતિ ટાળવી હોય તો આપણે અધર્મમાંથી નીકળવું જોઈએ. અધર્મમાંથી નીકળવું હોય તો ધર્મમાર્ગ પર આવવું જોઇએ અને તે પર દૃઢ રહેવું જોઈએ. પરમાત્મા તરફથી જે પ્રાપ્ત થયેલું હોય તેનું તેને જ સંતોષપૂર્વક અર્પણ કરવું તેમાં જ ખરો ધર્મ છે, ખરૂં સર્વ સમર્પણ છે. આ ખરી માનવતા છે. આપણી રોજની પ્રાપ્તિમાંથી, કમાણીમાંથી આપણાં પેટ પૂરતું વેતન લઇને બાકી બધું મનુષ્યમાત્રના કલ્યાણ માટે અર્પણ કરવું એ જ ખરો માનવધર્મ છે. આ માનવધર્મ માટે આપણો જન્મ છે.

આ ધર્મ કઠણ છે એમાં શંકા નથી. પણ જીવનનું સાર્થક થાય એમ લાગતું હોય તો ધર્મનું આચરણ કર્યા વગર બીજી કોઇ ગતિ નથી. તેમાં ય આપણે એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે જે વસ્તુઓ પર માણસને શ્રદ્ધા હોય છે, જે વસ્તુઓ તેને ખરેખર પ્રિય હોય છે તે તેને કઠણ લાગતી નથી. પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠાને લીધે માણસમાં ધીરજ, બળ અને સામર્થ્ય પેદા થાય છે. તેની આગળ કઠણતા રહી શકતી નથી. તેને લઈને ધર્માચરણ સહજ થાય છે. તે માણસનો સ્વભાવ થઈ જાય છે. પછી ધર્મ અને સ્વભાવ જુદા રહેતા નથી. માણસનો બધો વ્યવહાર, તેનું બધુ જીવન ધર્મમય થઈ જાય છે.

આપણાં દેશની અને સમાજની આજની સ્થિતિ વિષે આપણને ખરેખર દુઃખ લાગતું હોય તો ગમે તેટલા કષ્ટો સહન કરીને આપણે તે સ્થિતિ બદલવી જ જોઈએ. અને તે માટે આપણને માનવધર્મ પર આવ્યા વગર નહીં ચાલે. આ માનવધર્મની જાગૃતિ આપણાં બધાના અંતઃકરણમાં થયા વગર છૂટકો નથી. આપણે વિવેક, સંયમ, નિષ્ઠા વગેરે સદ્દગુણો પ્રાપ્ત કરવા પડશે. આપણે પુરૂષાર્થી થવું પડશે. આપણાં શરીર પૂરતુ લાગતું આત્મતત્વ, પોતાપણું આપણે વિશાળ કરવું પડશે. સમભાવ ધારણ કરવો પડશે. વ્યકિતગત અભિલાષા અને સ્વાર્થમાંથી છૂટવું પડશે. જેમણે પોતાના વ્યકિતગત સુખ તરફ ન જોતાં આ ધર્મનું આચરણ કર્યું, જેમણે માનવજાતિના કલ્યાણ માટે સંતોષપૂર્વક સહન કર્યું તેને આપણે મહાપુરૂષ કહીએ છીએ, તેને અવતારી કહીએ છીએ તેમને ઇશ્વિરાવતારી માનીએ છીએ. પણ ખરૂં જોતાં તેઓ મનુષ્યના અવતાર હતા અને તેમણે જ માનવજન્મ કૃતાર્થ કર્યો એમ કહેવું જોઈએ. આપણને ધર્મમય

જીવન જોઈતું હોય તો આપણે તેમના જ માર્ગે જવું જોઈએ

ધર્મ અને તત્ત્વજ્ઞાનથી ભરેલા અનેક ગ્રંથો આપણાં દેશમાં છે. તે માટે આપણે અભિમાન અને ગૌરવ લઈએ છીએ. પરંતુ આપણે થોડો વિચાર કરીને જોવું જોઇએ કે જે પુરુષોએ આ ગ્રંથો લખ્યા તેના વારસદાર હોવા છતાં આપણે આજે આટલી અવનત સ્થિતિમાં કેમ છીએ અથવા અધોગતિએ કેમ આવી પહોંચ્યા ? એક તો આપણે તેમના વંશજોને શોભે એ પ્રમાણે વર્તવું જોઇએ. નહીં તો પૂર્વજો અને ગ્રંથોનું ખોટું અભિમાન છોડી દેવું જોઇએ. આટલું કર્યાથી આપણો દંભ તો વધશે નહિ. પૂર્વજો વિષે, તેમના ગ્રંથો વિષે આપણે અભિમાન લઇએ પણ તે પ્રમાણે આચરણ ન કરીએ એવા જીવનમાં કશો અર્થ નથી. તેથી આપણામાં ધર્મનું સામર્થ્ય આવી શકતું નથી. ગ્રંથોના રહસ્યને સંઘરવાનુ સાચું સ્થાન આપણું હૃદય છે, માનવી અંતઃકરણ છે. ધર્મનું સ્થાન તે છે. તેમાં ધર્મ ન હોય તો દુનિયામાં ક્યાંએ ધર્મને જગ્યા નથી. ગમે તે માર્ગે ધન મેળવીને લાખો રૂપિયાનું દાન કરી કોઈ તેમાં ધર્મ વિષેનું સમાધાન અને ધન્યતા માને તો તે તેમની ભ્રાંતિ છે. કારણ કે તેમની ધન પ્રાપ્તિનું મૂળ કારણ ધર્મનિષ્ઠા નથી પણ ધનની અભિલાષા છે. તે અભિલાષામાંથી ધર્મચારણ થવું શકય નથી. કારણ અભિલાષા અને ધર્મ એક જગ્યાએ રહી શકતા નથી. માનવધર્મ પરની શ્રદ્ધા તેમની દાનેચ્છાનું કારણ નથી પણ કીર્તિની અભિલાષા તેનું કારણ છે. પરંતુ આપણે સાચે જ ધર્મશીલ હોય તો ધનલોભ-તૃષ્ણા છોડી દેવી જોઈએ. સંયમી જીવન સ્વીકારીને પ્રામાણિક અને પરિશ્રમશીલ બનવું જોઈએ. સત્યને જીવનમાં મહત્વ આપવું જોઈએ. આજે આપણે બધા મનથી દુર્બળ થઈ ગયા છીએ. શ્રીમંત અને ગરીબ બધા આપણે ધર્મને ભૂલીને ધર્મને ભૂલી ગયા છીએ. આજની વિષમ સ્થિતિ માટે આપણે બધા જવાબદાર છીએ.

આજે સમાજમાં કાળાબજાર, નફાખોરી, ખરાબ મિશ્રણ, લાંચરૂશ્વત વગેરે જે પ્રકારો ચાલુ છે અને તેથી દેશ સમાજનું જે અનુચિત નુકસાન થાય છે તે બધા માટે તે જાતના ધંધા કરનારા જ જવાબદાર છે એવું નથી. આ પૈકી કોઈ પણ અનિષ્ટ વ્યવહાર ન કરનારાઓએ પણ પોતાને નિષ્પાપ કે નિર્દોષ ન સમજવા જોઈએ. "દુર્વ્યવહારને તટસ્થપણે જોતા રહેવું, તે સહન કરવો, તે તરફ દુર્લક્ષ કરવું એ બાબતો પણ ઓછા દોષવાળી નથી. દુનિયામાં અનર્થો, દુઃખો અને અન્યાયો માટે દુષ્ટોની દુષ્ટતા અને સ્વાર્થ જેમ કારણ છે તેમ જ સજ્જનોની તટસ્થતા, તેમની શિથિલતા અને એકાકીપણાની સંતોષવૃત્તિ એ પણ કારણ છે તેમાં શંકા નથી. તેથી આજની સ્થિતિ વિષેની આપણી તટસ્થતા પણ દોષરૂપ અને મહાભયાનક છે. આપણાં દેશનો ભૂત અને વર્તમાનકાળના મહાપુરૂષો જો આપણે ગૌરવ અને અભિમાન લઈએ તો આપણાં જ બંધુઓ આજે જે દેશદ્રોહ અને સમાજદ્રોહ કરી રહ્યા છે, સમાજનું શોષણ કરી રહ્યા છે તે જોઈને આપણને શરમ ન લાગવી જોઇએ કે ? આપણી સમક્ષ કોઈ કોઈના ઘરને આગ લગાડતો હોય, કોઈ કોઇને લૂંટતો હોય, દુર્બલ કે સ્ત્રી–બાળક પર કોઈ અન્યાય કરતો હોય તો આપણે કોઇનું ઘર બાળતા નથી, કોઈને લૂંટતા નથી કે કોઇના પર અન્યાય કરતા નથી એમ માની નીરાંતે બેસી રહીએ અને પોતાને ધર્મનિષ્ઠ સમજીએ એ યોગ્ય થશે શું ? મનુષ્ય તરીકે એવે વખતે આપણું કંઈ જ કર્તવ્ય નથી. શું ? આ જ ન્યાય ધ્યાનમાં લઈને આજે બધે ચાલેલા અશુદ્ધ વ્યવહારમાં આપણું કર્તવ્ય શું છે તે આપણે નક્કી કરી શકીએ નહીં કે ? મને લાગે છે કે ચાલુ સ્થિતિ બદલવા માટે—સુધારવા માટે દરેક ભારતવાસીએ પ્રયત્નની પરાકાષ્ઠા કરવી જોઇએ. એમ આપણે કરીએ તો જ આપણો દેશ, આપણો સમાજ આજની દુર્દશામાંથી છૂટશે. બધા ધર્મોનો સાર એક જ છે. દરેક પ્રચલિત ધર્મ આપણને સમભાવ રાખવાનું શીખવે છે. તે માટે આપણાં હૃદયમાં ઈશ્વરનિષ્ઠા હોવી જોઈએ. સત્ય માર્ગે ચાલવાનો આપણો નિશ્ચય હોવો જોઇએ. તે પ્રમાણે વર્તીને કૃતાર્થ થવા માટે માનવજન્મ છે.

પરમાત્મા આપણને બધાને ધર્મબુદ્ધિ આપો અને તે પ્રમાણે વર્તવાનું સામર્થ્ય પણ આપો ! (સમાપ્ત)

## અમેરિકાના પ્રેસીડેન્ટ

# એબ્રાહમ લિંકનના કેટલાક જીવન પ્રસંગો

( આ લેખમાંના મૂળ પ્રસંગો શ્રી મુકુલ કલાથી કૃત ' એબ્રહામ લિંકન ' ( જીવન પ્રસંગો ) ગ્રંથને આધારે લીધા છે. લેખકઃ—મનસુખલાલ તારાચંદ મહેતા )

ગતાંક થી ચાલુ

## (૩) રૂપ અને સૌન્દર્ય

રૂપનો સંબંધ બાહ્ય દેહ સાથે છે પણ સૌન્દર્યનો સંબંધ તો માનવ હૃદયની સાથે રહે છે. બાહ્ય રૂપ તો છેતરામણું, લલચામણું, લોભામણું અને દગાખોર પણ હોઈ શકે છે. રૂપ્પતિનો અર્થ જ 'વિકૃત' છે. રૂપ એ માટે કહેવાય છે કે તે વિકૃત થાય છે. હૃદયનું સૌન્દર્ય એ બાહ્યરૂપથી તદ્દન ભિન્ન છે. કેટલાએ રૂપાળા માનવો વિકૃત મન અને કર્કશ સ્વભાવ ન ધરાવતા હોય છે. ત્યારે કેટલાએ કદરુપા અને બેડોળ દેખાતા માનવો સુંદર પ્રકૃતિ અને ઉમદા સ્વભાવ ધરાવતા હોય છે. માત્ર બાહ્યરૂપના આધારે માનવીના મૂલ્ય કદી આંકી શકાય નહીં, આ વસ્તુ લિંકનના જીવન પરથી સ્પષ્ટ થાય છે.

લિંકનને એક વખત છાપાંઓના તંત્રીઓની સભામાં પ્રવચન આપવાનું હતું પ્રવચની શરૂઆતમાં લિંકને કહ્યું " મિત્રો ! હું પોતે તંત્રી ન હોવા છતાં તમારી સમક્ષ પ્રવચન કરવા ઉભો થયો છું, એ એક રીતે તો અનાધકાર ચેષ્ટા છે. મારી કોઈ વાત તમને ન રુચે એ બનવા જોગ છે, તો એવી વાત સાંભળીને મને એક બાઈએ જેમ સ્પષ્ટ રીતે કહ્યું હતું, તેમ તમને પણ મને કહેવાનો અધિકાર છે."

પછી પેલી બાઈની વાત કરતાં લિંકને આગળ કહ્યું " એક વખત જંગલમાં ઘોડા પર બેસી એક બેન જઈ રહ્યા હતા. આ બેન મને સામા મળ્યાં, એટલે ઘોડાને માર્ગ દેવા હું તરીને એક બાજુ ઉભો રહ્યો. મને જોઈને પેલા બેને પોતાનો ઘોડો થોભાવી કહ્યું: ' જીવનમાં તારા જેવો કદરૂપો અન્ય માણસ મેં કદી જોયો નથી. ' મેં જવાબ આપતાં પેલા બેનને કહ્યું કે તમારી વાત સાચી છે, પણ આ વાત મારા હાથની નથી ?

પેલા બેને જરા રોષપૂર્વક મને કહ્યું, 'તારા હાથની વાત કેમ નથી ? રસ્તા પર નીકળવાને બદલે ઘરમાં જ બેસી રહેવાનું રાખતો જા–તો અન્યને તારું આવું મોં ન જોવું પડે !' આમ ભૂમિકા તૈયાર કરી લિંકને પત્રકારો સમક્ષ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું.

લિંકનની વાત સાંભળી પત્રકારો મુગ્ધ બની ગયા. તેઓને સચોટ સમજાઇ ગયું કે, દેહના રૂપ કરતાં આત્માના સૌન્દર્યના જ સાચા મૂલ્ય છે. રૂપની દૃષ્ટિએ તો રસ્તા પર રઝળતાં ગધેડાઓ પણ શું કાંઈ ઓછા રૂપાળા છે ?

## (૪) કરુણા અને અનુકંપા

લિંકન વકીલાત કરતા હતા તે વખતનો આ પ્રસંગ છે.

પરિગ્રહ અનેક પાપોનું મૂળ છે. એક ગરીબ એકલવાયી છોકરી પાસે જે થોડી ઘણી જમીન હતી, તે એક લુચ્ચા જમીનદારે ઉંધું ચત્તું કરી પચાવી પાડી. અસહાય છોકરી શું કરી શકે ? તે તો રડતી રડતી લિંકનની ઓફિસમાં ગઇ. લિંકનને બધી વાત સમજાવી

અને પોતાની લાચાર અને નિરાધાર સ્થિતિનું વર્ણન કર્યું. કેસ લડવા માટે પેલી છોકરી પાસે કશું જ નહોતું. લિંકને તેને આશ્વાસન આપ્યું અને તેણે પેલી છોકરીનો કેશ પોતાના હાથમાં લીધો. લિંકનનો વિજય થયો અને કોર્ટે પેલી છોકરીને તેની જમીન પાછી આપવાનો હુકમ કર્યો. વાદીનો કેશ સાચો પૂરવાર થયો અને પેલા જમીનદારની હાર થઇ.

કેશ ચાલતો હતો તે દરમિયાન પેલી છોકરીના લગ્ન થઇ ગયા. પેલી છોકરીને તેની જમીન પાછી મળી તેનો અત્યંત આનંદ થયો અને પતિ પત્ની બંને લિંકનનો આભાર માનવા, તેમજ ફીની રકમ આપવા તેની ઓફિસમાં ગયા. કેટલી ફી આપવી તે અંગે લિંકનને પૂછતાં, તેણે કશી પણ ફી લેવાની ના પાડી. પતિ પત્ની બંનેએ ભારે આગ્રહ કર્યો એટલે લિંકને હસ્તા હસ્તા કહ્યું: "તો પછી મારી ફીને તમારા લગ્નના ચાંદલાની ભેટ રૂપે માની લેજો."

ઓપરેશન ટેબલ પર, ઓપરેશન કરતાં પહેલાં દર્દી પાસેથી ફી લેતાં ડોકટરો તેમજ વકીલાત પત્રની સાથોસાથ અસીલ ગમે તેવી પરિસ્થિતિમાં હોય તો પણ, ફી લઈ લેતાં વકીલો માટે આ વાત બહુ સમજવા જેવી છે.

## (૫) કર્કશા પત્ની અને માયાળુ પતિ

એક દિવસ સ્પ્રિંગ ફિલ્ડમાં આગ બુઝાવવા માટેના બંબાના ફાળા અર્થે એક માણસ લિંકનની ઓફિસમાં જઇ પહોંચ્યો. લિંકને બધી માહિતી મેળવી લીધી અને ફાળામાં વીસ ડોલર આપવાનું નક્કી કર્યું. લિંકનની પત્ની ભારે કર્કશ સ્વભાવની હતી, પણ આવી પત્ની સાથે કઈ રીતે સલૂકાઈભર્યું વર્તન રાખવું, તે લિંકન બરોબર જાણતા હતા. પેલા માણસને રાતે ભોજન વખતે પોતાના ઘેરે લિંકને બોલાવ્યો. પતિ પત્ની બંને ભોજન કરી આરામ લઇ રહ્યા હતા, ત્યાં પેલો માણસ ફાળા અર્થે લિંકનને ત્યાં જઈ પહોંચ્યો.

લિંકને પત્નીને વાત કરી કે જે કાર્યના ફાળા માટે આ ભાઇ આવેલા છે, તે બહુ સુંદર કાર્ય છે અને મારી તો ઈચ્છા છે કે આ કાર્યમાં આપણે પચાસ ડોલરનો ફાળો આપીએ. લિંકનની પત્ની તુરત પેલા માણસની હાજરીમાં તાડૂકી ઉઠી અને લિંકનને કહ્યું તમારામાં તો કોઈ દિવસ ડહાપણ આવવાનું જ નથી! પચાસ નહિં પણ વીસ ડોલર આપીએ તે બરોબર છે." લિંકને પત્નીની આ વાત મંજુર રાખી અને તેને પેલા માણસને વીસ ડોલર આપવા કહ્યું. પેલો માણસ રાજી થતો થતો વીસ ડોલર લઈ ચાલી ગયો. પોતાનું સ્વમાન જળવાયું અને વાત મંજુર રહી તેથી પત્ની ખૂશ થઈ.

કર્કશા પત્નીઓના પતિ દેવો, પત્નીના સ્વભાવનો ધજાગરો કરવાને બદલે, લિંકનની માફક જો સલુકાઈ ભર્યું વર્તન પત્ની સાથે રાખતાં શીખી જાય, તો તેમના દાંપત્ય જીવનમાં કંકાશને અવકાશ ન રહે. ✠

—મનસુખલાલ તારાચંદ મહેતા

✠ આ લેખમાંના મૂળ પ્રસંગો શ્રી. મુકુલ કલાર્થી કૃત 'એબ્રાહમ લિંકન' (જીવન પ્રસંગો' ગ્રંથના આધારે લીધેલાં છે.

✠

અહિંસા લક્ષી જીવનસાધના અને સત્યલક્ષી જ્ઞાનોપાસના એ જ આત્મસાધના કે આત્મસાક્ષાત્કારનો એટલે કે અંતરને સત્-મિત્ આનંદમય બનાવવાનો સફળ ઉપાય છે. મતલબ કે જે સાધના અહિંસા અને કરૂણાના મંગલમય માર્ગે આત્માને નિર્મળ અને સર્વમિત્ર બનાવવામાં સહાયરૂપ ન થાય એ સાચી જીવનસાધના નહીં. અને જે ઉપાસના પોતાની જાતના અને વિશ્વના સત્ય સ્વરૂપનું સુરેખ દર્શન કરાવવામાં ઉપયોગી ન થાય એ યથાર્થ જ્ઞાનોપાસના નહીં.

## જૈન સમાચાર :— ભાવનગરમાં ભવ્ય અંજનશલાકા મહોત્સવ

વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ વિદ્વત્પૂર્ણ સાહિત્યના સર્જક પૂજ્ય આચાર્યશ્રી કસ્તૂરસૂરિશ્વરજી, તથા પરમ પૂ. આ.શ્રી ધુરંધરસૂરિજી તથા પૂ. આ.શ્રી ચંદ્રોદયસૂરિજી તથા પૂજ્ય આચાર્યશ્રી રૂચકસૂરિજી તથા પૂ. આ.શ્રી નીતિપ્રભસૂરિજીની નિશ્રામાં શહેર ભાવનગરમાં સં. ૨૦૩૦ના પોષ શુદી ૧૪ તા. ૨૬-૧-૭૫ થી પોષ વદી ૧૧ તા. ૬-૨-૭૫ સુધીમાં એક અનેરો ભવ્ય અંજનશલાકા મહોત્સવ શ્રી દાદાસાહેબના પટાંગણમાં ખાસ તૈયાર કરેલ સમીયાણામાં ઉજવાયો હતો. ભાવનગરના ઈતિહાસમાં આ પ્રસંગ અજોડ છે. આ આખાએ ઉત્સવ દરમિયાન જૈન સમાજમાં આબાલવૃદ્ધ સૌ કોઇના દિલમાં અનેરા ઉત્સાહ અને ઉમંગના પુર ઉમટયા હતા સૌ કોઈ ભક્તિપુલકિત બની ઉત્સાહભેર ભાગ લઈ ધન્ય બન્યા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે જળયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો, તેમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનોની હાજરી હતી.

મહોત્સવના તૃતીય દિન તા. ૨૮-૧-૭૫ પોષ વદી ૧ ના રોજ પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી કસ્તૂરસૂરીશ્વરજીનો ૭૫ મો જન્મ દિવસ હતો. આ પ્રસંગ શ્રી સંઘ તરફથી પૂજ્ય સૂરિજીની સ્તવનાનો ખાસ કાર્યક્રમ યોજી તેમના કાર્યોને અનુમોદના કરી હતી. પૂજ્ય કસ્તૂરસૂરીજીના ૫૫ વર્ષના દિક્ષાકાળ દરમીયાન તેઓશ્રીએ ઘણી મોટી સાહિત્યોપાસના કરેલ છે અને હજી કરી રહ્યા છે. તેઓએ પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા, પાઇઅ વિન્નાણ કહા, સિરિ ઉસહનાહ ચરિય વગેરે ઉત્તમ પુસ્તકોના લેખન અને સંપાદન કરી સમાજ ઉપર ઉપકાર કરેલ છે.

આ ઉપરાંત ભગવાનનો ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, દિક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણક ઉત્સવ ઉત્તમ ધર્મભાવના સાથે ઉજવાયેલ

તા. ૪-૨-૭૫ને મંગળવારના રોજ ભગવાનની દિક્ષા કલ્યાણક તેમજ વરસીદાનનો ભવ્ય વરઘોડો ક્ષત્રિયકુંડનગર (દાદાસાહેબ)થી નીકળી શહેરભરમાં ફર્યો હતો. રાજસ્થાનથી આવેલ બેન્ડ તથા સરકારી બેન્ડ સહિત અન્ય બેન્ડ, શ્રી સિદ્ધાર્થ મહારાજા તથા ત્રિશલારાણીની જીપ, છપ્પન દિક્કુમારિકાઓનું વૃન્દ ગીતો ગાતા બહેનોનું વૃન્દ, ઈન્દ્ર-ઈન્દ્રાણિ વગેરેથી તથા પૂજ્ય આચાર્ય મહારાજો તથા અન્ય મુનિવર્યો તથા પ્રતિષ્ઠિત આગેવાનોની હાજરીથી આ પ્રસંગ ઉત્સાહપ્રેરક બન્યો હતો.

પોષ વદી દશમના રોજ ત્રણ મુમુક્ષુ બહેન ચન્દ્રાબેન શાન્તિલાલ, મુમુક્ષુ ભારતીબેન ગિરધરલાલ તથા મુમુક્ષુ ગજરાબેને મોટા માનવ મેદની વચ્ચે દિક્ષા અંગીકાર કરી હતી.

આખા ઉત્સવ દરમીયાન શ્રી સિદ્ધચક્રપૂજન, અઢાર અભિષેક, રાત્રે ભાવના વગેરે ધાર્મિક કાર્યો થયા હતા, મોટી સંખ્યામાં ભાવિકોએ આ દરેક ધાર્મિક કાર્યમાં લાભ લઈ હર્ષાન્વિત બન્યા હતા.

આ અંજનશલાકા મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજોએ કરેલ ઉપકારની અનુમોદના અને આભાર દર્શન અંગે એક સભારંભ શ્રી દાદાસાહેબના પટાંગણમાં તા. ૯-૨-૭૫ના રોજ યોજાયો હતો. શરૂઆતમાં પાંચે પૂજ્ય આચાર્ય મહારાજોની અંજનશલાકા અંગે ભાવવાહી પ્રવચન કરી શ્રોતાજનોની ભક્તિ-ઉલ્લાસમાં વધારો કર્યો હતો.

સંઘના પ્રમુખશ્રી નાદુરસ્ત તબિયતને કારણે હાજર રહી શકયા ન હોવાથી, તેમણે મોકલેલ સંદેશો શ્રી બકુભાઇએ વાંચી સંભળાવ્યો હતો.

પોતાના સંદેશામાં શેઠશ્રીએ જણાવ્યું હતું કે પૂજ્યશ્રી આચાર્ય મહારાજશ્રી કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ આ.શ્રી ધર્મધુરંધરસૂરીજી, તથા પૂ. આ.શ્રી ચન્દ્રોદયસૂરીજી તથા પૂ: આ.શ્રી રૂચકસૂરજી તથા પૂ. આ. નીતિપ્રભસૂરીજીએ સર્વ પૂજ્ય આચાર્ય મહારાજાઓની પ્રેરણા અને અપૂર્વ પરિશ્રમથી આ અંજનશલાકા મહોત્સવ ખૂબજ ઉલ્લાસ અને આનંદમય વાતાવરણમાં ઊજવાયો તે બદલ હું શ્રી સકળ સંઘ વતી તેઓશ્રી આપણા ઊપર જે અનહદ ઉપકાર કર્યો છે તે માટે અનુમોદના કરું છું. (અનુ. ટાઇટલ ૩ પર)

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ ( સેન્ટ્રલ ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ"
સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ પ્રસિદ્ધિ સ્થળ : | ખારગેટ, ભાવનગર. |
| ૨ પ્રસિદ્ધિ ક્રમ : | દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ |
| ૩ મુદ્રકનું નામ : | હરિલાલ દેવચંદ શેઠ |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર. |
| ૪ પ્રકાશકનું નામ : | શ્રી જૈન આત્માનંદ સભા વતી, ખીમચંદ ચાંપશી શાહ–ભાવનગર. |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ–ભાવનગર. |
| ૫ તંત્રીનું નામ : | માસિક સમિતિ વતી, ખીમચંદ ચાંપશી શાહ–ભાવનગર. |
| કયા દેશના : | ભારતીય |
| ઠેકાણું : | શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ–ભાવનગર. |

૬ સાંમયિકના માલિકનુ નામ : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણુ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૨-૭૫

માસિક કમિટી

ખીમચંદ ચાંપશી શાહ — ગુલાબચંદ લલ્લુભાઈ શાહ
મનસુખલાલ તારાચંદ મહેતા — કાંતિલાલ જગજીવનદાસ દોશી
અનંતરાય જાદવજી શાહ

---

( અનુસંધાન પાના ૬૪ નું ચાલુ )

આ મહોત્સવના આયોજનથી માંડી તેની પૂર્ણાહુતિ સુધી ખૂબજ કાળજી અને ચીવટથી આ ઉત્સવને સફળ બનાવનાર પૂ. આ.શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજીનો ઉપકાર આપણે કદી ભૂલી શકીએ નહિ.

દરેક પ્રસંગની જેમ આ પ્રસંગે પણ અમદાવાદથી પૂજ્ય આચાર્યશ્રી નંદનસૂરીશ્વરજીએ મુહૂર્ત કાઢી આપ્યું, અને આશીર્વાદ પાઠવીને તેઓશ્રીએ અમારા ઉપર અનહદ ઉપકાર કરેલ છે.

પૂ. આચાર્ય ભગવંતોની નિશ્રામાં આવા અનેક ઉત્સવો ઉજવવા આપણે ભાગ્યશાળી થઈએ અને પૂજ્ય ગુરુદેવના પસાયે આપણે ભાવિમાં આવા જ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવવા ભાગ્યશાળી થઈએ એવા આશીર્વાદ સર્વ ગુરુદેવોના આપણા ઉપર ઉતરે એ જ અભ્યર્થના. જય જિનેન્દ્ર.

શ્રી સંઘના મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે પૂજ્ય આચાર્ય મહારાજોએ અમારી વિનંતીને માન આપી અત્રે ભાવનગર પધારી અમારો આ ઉત્સવ ઉજવવામાં અનેરી પ્રેરણા આપી અને અથાક–પરિશ્રમ લઇ સફળ બનાવ્યો છે અને શ્રી સંઘ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે તેની અનુમોદના કરતા હું હર્ષ અનુભવું છું.

( અનુસંધાન ટાઈટલ બીજા ઉપર જુઓ )

# જાહેરાત

જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

"આત્માનંદ પ્રકાશ"નો અંક હવે ફાગણ–ચૈત્રનો સંયુક્ત અંક મહાવીર જન્મકલ્યાણક અંક તરીકે તા. ૧૯–૪–૭૫ના રોજ પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારી તેમજ પોસ્ટના વધેલા દરને અંગે આ માસિક ખોટમાં ચાલે છે. એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને અંકને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરી રહ્યાં છીએ. અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "મહાવીર જન્મકલ્યાણક" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી વિશેષ રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ. અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસની આખર સુધીમાં બને તેટલા વેલાસર મોકલી અમોને આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેર ખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે. તો વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય–શિક્ષણ–સંસ્થાઓને અમારી વિનંતિ છે કે આ કલ્યાણક અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાન પ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

—આ ખાસ અંકમાં અપાતી જાહેરાતનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો ખાત્રી આપીએ છીએ.

## —: જાહેરાતના દર —

| | |
|---|---|
| અંદરનું પેજ આખું : રૂા. ૫૦ | પેજ અર્ધું : રૂા. ૩૦ |
| ટાઈટલ પેજ બીજું અથવા ત્રીજું : રૂા. ૬૦ | ટાઈટલ પેજ ચોથું : રૂા. ૭૫ |

**આપનો લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.**

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.